# ૧. જન્મ અને બાળપણ

પોતાના ગુરુ શ્રીરામકૃષ્ણ પરમહંસ વિશે સ્વામી શ્રી વિવેકાનંદે એક પત્રમાં લખ્યું છે: “આ પુરુષે પોતાની એકાવન વર્ષની આવરદામાં રાષ્ટ્રના આધ્યાત્મિક જીવનમાં પાંચ હજાર વર્ષો જીવી બતાવ્યાં અને ભાવિ પેઢીઓ માટે એ એક આદર્શ બની રહેવાની કોટિએ પહોંચી ગયા.” આ વિધાન સ્વામીજીના પોતાના જીવનને પણ એટલું જ યથાર્થ રીતે લાગુ પડે છે. ઓગણચાળીસ વર્ષની જીવનમર્યાદામાં એમણે કેટલું કેટલું કરી બતાવ્યું! એમના જીવનનો પરિચય કરાવવો એટલે આધ્યાત્મિક જીવનમાં અવગાહન કરવું. એમના જીવનમાં આપણને શ્રદ્ધા અને શંકાની ભારે મથામણો, પ્રચંડ નૈતિક બળ અને આધ્યાત્મિક જાગૃતિની સમગ્ર સાધનાનાં દર્શન થાય છે. એક મનુષ્ય તરીકે તેમ જ એક વેદાન્તી તરીકે એમણે પુરુષાર્થમાં જ ખરી પવિત્રતા જોઈ અને પવિત્રતામાં જ ખરું પુરુષાતન જોયું. એમની સ્વદેશભક્તિ એમના ધર્મદર્શનમાંથી પ્રકટ થઈ હતી. એમનું સમગ્ર જીવન અખંડ કર્મયોગ અને ઈશ્વરપરાયણતાથી પરિપૂર્ણ હતું. દિવ્ય જ્ઞાનથી પાવન થયેલી દૃષ્ટિનું એ પરિણામ હતું. દૂરથી આવતા દૈવી આદેશો એમણે સાંભળ્યા, ઝીલ્યા અને યુગને પરમ ધન્ય બનાવ્યો.

એવા એ યુગપુરુષનો જન્મ કલકત્તાના સીમલા નામના પરામાં રહેતા સુપ્રસિદ્ધ દત્ત કુટુંબમાં થયો હતો. એ કુટુંબ પાસે કેટલીયે પેઢીઓથી એકઠી થયેલી સંપત્તિ અને પ્રતિષ્ઠા પણ હતી. દાનવીર સ્વભાવ, સ્વતંત્ર મિજાજ અને વિદ્યાવ્યાસંગ માટે આ કુટુંબ પ્રખ્યાત હતું. સ્વામીજીના પ્રપિતામહ શ્રી રામમોહન દત્ત એ અંગ્રેજી સૉલિસિટર મૅનેજિંગ કલાર્ક અને ભાગીદાર હતા. એ ધંધામાં એમને સારા પ્રમાણમાં ધનપ્રાપ્તિ થઈ હતી. એમનો પરિવાર વિસ્તૃત હતો, અને સૌ સાથે મળીને સંપથી રહેતાં. શ્રી રામમોહન દત્તને બે પુત્રો હતા — દુર્ગાચરણ અને કાલીપ્રસાદ. દુર્ગાચરણ તે સ્વામીજીના પિતામહ. દુર્ગાચરણ અનેક ગુણસંપન્ન હતા. તેઓ ફારસી તેમ જ સંસ્કૃત ભાષામાં પારંગત હતા. એમનું કાયદાનું જ્ઞાન પણ તલસ્પર્શી હતું, તેથી પિતાએ એમને નાની વયમાં જ પોતાના ભાગીદાર બનાવેલા પરંતુ વિધિએ કંઈક જુદું જ ધાર્યું હતું. દુર્ગાચરણની વૈરાગ્યવૃત્તિ એટલી પ્રબળ બની કે પુત્રનો જન્મ થયા પછી તરત જ એમણે સંન્યાસ લીધો. એમની ઉંમર એ વખતે પચીસ વર્ષની હતી. સ્વામી વિવેકાનંદની પ્રતિભા વિશે જ્યારે વિચાર કરીએ છીએ, ત્યારે એમના આ ભવ્યમૂર્તિ પિતામહનું સ્મરણ થયા વિના રહેતું નથી. ઈશ્વરની શોધમાં સંસારનો ત્યાગ કરવાની વૃત્તિ તો આમ વિવેકાનંદના લોહીમાં જ હતી એમ કહી શકાય. કોઈ વ્યક્તિના જીવનમાં અગમ્ય રીતે અમુક લાક્ષણિકતાઓ ઊગી નીકળતી આપણે જોઈએ છીએ

ત્યારે એનું રહસ્ય શોધવા માટે આપણે પુનર્જન્મના કે આનુવંશિક સંસ્કારોના સિદ્ધાંતનો આશ્રય લઈને સંતોષ માનવો પડે છે.

સ્વામી વિવેકાનંદના પિતા વિશ્વનાથ દત્ત પણ દત્ત કુટુંબને ગૌરવરૂપ પ્રતિભાસંપન્ન વ્યક્તિ હતા. તેઓ પણ સંસ્કૃત, અંગ્રેજી અને ફારસી ભાષાના નિષ્ણાત અને સંગીતના વિદ્વાન હતા. તેમનાં ધર્મપત્ની પણ તેમને જીવનમાં દરેક રીતે સાથ આપે તેવાં જ મળેલાં હતાં. સ્વરૂપવાન અને પતિપરાયણ એ જાજરમાન આર્યમહિલાનું નામ ભુવનેશ્વરી-દેવી હતું.

આવાં સુયોગ્ય અને પ્રભાવશાળી માતાપિતાને ત્યાં જે પુત્રનો જન્મ થયો તેણે સમસ્ત વિશ્વને હલાવી મૂક્યું અને પ્રાચીન સંસ્કૃતિનો નવેસરથી પાયો નાંખ્યો.

એ પુત્ર તે જ સ્વામી વિવેકાનંદ!

સંવત ૧૯૧૯ના પોષ વદ સાતમને સોમવાર, સને ૧૮૬૩ના જાન્યુઆરીની બારમી તારીખે, સૂર્યોદયને હજી છ મિનિટની વાર હતી ત્યારે, એ મહાપુરુષનો જન્મ થયો હતો.

'પુત્રનાં લક્ષણ પારણામાંથી' એ ન્યાયે એ બાળકે શરૂઆતથી જ પોત પ્રકાશવા માંડ્યું. એ ખરેખર એક હઠીલો બાળક હતો. કેટલીક વાર એવો ઉછાંછળો થઈ જતો કે એને કાબૂમાં રાખવાનું અશકય થઈ પડતું. ધમકી કે

ફોસલામણી કથાને એ ગાંઠતો નહીં. આખરે ભુવનેશ્વરીદેવી એક રામબાણ ઉપાય અજમાવતાં. મોટેથી બૂમો પાડતાં એ બાળકના માથા ઉપર ઠંડું પાણી રેડતાં અને એના કાનમાં ધીમે ધીમે શિવનું નામ બોલતાં; પરિણામે બાળક શાંત થઈ જતો. એનું નામ નરેન્દ્રનાથ રાખવામાં આવ્યું.

સાધુઓ પ્રત્યે નરેન્દ્રને અત્યંત પ્રેમ હતો. બારણે આવેલા સાધુની સેવા અને સત્કાર તેને ખૂબ જ આનંદ આપતાં. પોતાની પાસે પડેલાં નવાં વસ્ત્રોનું સાધુઓને દાન કરતાં તે લગીરે ખચકાતો નહીં. અને તેવી જ રીતે ઘરની ગાય તેને અત્યન્ત પ્રિય હતી; જાતજાતનાં પશુપક્ષીઓ પાળવાનો પણ એને શોખ હતો. એણે વાંદરો, બકરી, મોર, કબૂતર અને બેત્રણ ગીનીપિગ પણ પાળ્યાં હતાં. ઘરના નોકરચાકરોમાં કોચમેનને એણે પોતાનો પાકો દોસ્ત બનાવ્યો હતો. ભવિષ્યમાં તેને કોચમેન થવાના કોડ હતા.

શરૂઆતમાં તેને સીતારામનું ધ્યાન કરવાનું બહુ જ ગમતું, પરંતુ એક દિવસ નરેન્દ્રના મિત્ર પેલા કોચમેને લગ્ન-જીવનની ભારે નિંદા કરી. બાળક નરેન્દ્રના મન ઉપર એની એવી તો અસર થઈ કે એણે સીતારામની મૂર્તિને ફેંકી દીધી. એને થયું: "જો લગ્ન આવી નઠારી વસ્તુ છે તો આ દેવે એ ઉપાધિ શા માટે વહોરી હશે?" ત્યારથી એણે શિવની પૂજા શરૂ કરેલી.

પરંતુ રામાયણનો પ્રભાવ તો એના હૃદય ઉપર પડચો જ હતો. કેટલીક વાર રામના જીવનના રોમાંચક પ્રસંગોની એના ઉપર એટલી બધી અસર થતી કે એ ઘેર

જવાનું પણ ભૂલી જતો; અને કલાકો સુધી રામાયણ કથામાં બેસી રહેતો. એક વખત એક કથાકારે હનુમાનજી કેળના બગીચામાં રહેતા, એ વાત કરી ત્યારે તે કથામાંથી ઊઠીને, મોડી રાત સુધી હનુમાનજીનાં દર્શન કરવાની આતુરતાપૂર્વક રાહ જોતો કેળના બગીચામાં જઈને બેસી રહેલો; છતાં હનુમાનજી દેખાયા નહીં તેથી તે ખૂબ દુઃખી થયો હતો. માતાએ જ્યારે આ વાત જાણી ત્યારે તેમણે આશ્વાસન આપ્યું: "તું દુઃખ ન લગાડીશ. હનુમાનજી રામના કોઈ કામ માટે બીજે ક્યાંક ગયા હશે." આ સાંભળી નરેન્દ્રને શાંતિ થઈ હતી.

બાળપણમાં જ તેને ધ્યાનમાં બેસવાની રમત રમવાનું ખૂબ ગમતું, એક વાર તો તેની મેડીનાં બારણાં પણ તોડવાં પડ્યાં હતાં, છતાં તે ધ્યાનસ્થ રહ્યો હતો. પોતાની આંખો બંધ કરે કે તરત જ એનાં બે ભવાં વચ્ચે એક અદ્‌ભુત પ્રકાશ પ્રગટ થતો. એ પ્રકાશના રંગો બદલાતા જતા અને છેવટે સફેદ તેજઃપુંજ એના આખા શરીરને ઢાંકી દેતો. એક દિવસે જ્યારે તે બગીચામાં બેસીને ધ્યાન કરતો હતો ત્યારે એકાએક ક્યાંકથી એક મોટો સાપ આવી ચડ્યો. બીજા છોકરાઓ તો એકદમ ગભરાઈને નાસી ગયા, પણ નરેન્દ્ર તો એમને એમ બેસી રહેલ. ચારે કોર શોરબકોર થઈ રહ્યો, પણ એણે કશું સાંભળ્યું જ નહીં. સાપ તો થોડી વારે જતો રહ્યો, પણ જ્યારે માતાપિતાએ નરેન્દ્રને નાસી ન જવાનું કારણ પૂછ્યું ત્યારે એણે જવાબ આપ્યો, "મને તો કંઈ જ ખબર નથી. હું તો ધ્યાનમાં બેઠો હતો."

આમ કરતાં નરેન્દ્રની ઉંમર ૭ વર્ષની થઈ, ત્યારે એને એક પાઠશાળામાં મોકલવામાં આવેલ, પરંતુ ત્યાં ભણતા વિદ્યાર્થીઓની ખોટી રીતભાતનું બાળક નરેન્દ્રે અનુકરણ કરવા માંડતાં થોડા વખતમાં જ એને શાળામાંથી ઉઠાડી લેવામાં આવ્યો હતો. ત્યાર બાદ એક શિક્ષક તેને ભણાવવા માટે આવતા. સાત વર્ષની વયે જ તેણે 'મુગ્ધબોધ' નામનું સંસ્કૃત વ્યાકરણ તથા રામાયણ અને મહાભારતના કેટલાયે ભાગો કંઠસ્થ કરી લીધા હતા. એક વખત ઘેર ચાલતી રામાયણની કથામાં નરેન્દ્રે કથાકારની ભૂલ કાઢી બતાવતાં સૌ ભારે નવાઈ પામેલ.

નરેન્દ્રને 'રાજા'ની રમત રમવાનું ખૂબ ગમતું. પોતાના પિતાને ત્યાં જુદી જુદી જ્ઞાતિના અસીલો માટે રાખેલા જુદા જુદા હુક્કામાંથી તેણે એક દિવસ વારાફરતી દમ ખેંચી જોયેલ. તેને લાગતું કે દરેકમાં એક જ સરખો ધુમાડો આવે છે તો એક બીજો હુક્કો શા માટે પી ન શકાય? એક દિવસ પથ્થર સાથે તેનું માથું ભટકાતાં, તેની જમણી આંખ ઉપર ભારે જખમ થયેલ. એ જખમની નિશાની જીવનભર કાયમ માટે રહી હતી. વર્ષો પછી ગુરુદેવ શ્રીરામકૃષ્ણે કહેલું: "આ અકસ્માતે જ નરેન્દ્રની શક્તિઓ ખાળી રાખી, નહિતર તો એણે જગતમાં ઊથલપાથલ મચાવી દીધી હોત!" પણ નરેન્દ્રે તો જગતને ઊંચે લઈ જવા માટે જ જન્મ લીધો હતો, અને આ ભાવિ યુગપુરુષે પોતાની મહત્તાનો પરિચય નાનપણથી જ આપવા માંડેલ.

## ૨. ઉચ્ચ શિક્ષણ : યૌવન : માનસિક વલણો

સને ૧૮૭૯માં પ્રાવેશિક પરીક્ષા પસાર કરીને નરેન્દ્ર કૉલેજમાં દાખલ થયો. બાળપણનો સુખદુઃખભર્યો રમતગમતનો સમય હવે પૂરો થયો અને નરેન્દ્રે જુવાનીમાં પ્રવેશ કર્યો. સ્નાયુબદ્ધ સુડોળ શરીર, તરવરાટ અને તીવ્ર બુદ્ધિમત્તા ધરાવતા નવયુવાન વિદ્યાર્થી તરીકે તેને સૌ ઓળખતા હતા.

કૉલેજમાં ભારતીય તેમ જ અંગ્રેજ પ્રોફેસરોનું ધ્યાન નરેન્દ્રનાથ તરફ સ્વાભાવિક રીતે ખેંચાયું હતું. એના વ્યક્તિત્વમાં છુપાયેલી શક્તિઓ તેઓ પારખી શક્યા હતા. પ્રિન્સિપાલ વિલિયમ હેસ્ટીએ કહેલું: "નરેન્દ્રનાથ ખરેખર પ્રતિભાસંપન્ન યુવક છે. મેં ખૂબ પ્રવાસો કર્યા છે. પરંતુ જર્મન યુનિવર્સિટીઓમાંયે તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થીઓમાં એના જેટલી શક્તિઓ અને શક્યતાઓ ધરાવતો વિદ્યાર્થી મેં જોયો નથી. જીવનમાં એ અવશ્ય ઝળકી ઊઠશે."

આ સમયે નરેન્દ્રનાથે એ જમાનાના ચાલુ પ્રશ્નોમાં રસ લેવા માંડ્યો. એમાં બ્રહ્મસમાજનો પ્રશ્ન મુખ્ય હતો. મૃતપ્રાય દશામાં પડેલા હિંદુસમાજમાં બ્રહ્મસમાજની પ્રવૃત્તિઓ નવી ભાત પાડતી હતી, અને એના નેતા કેશવચંદ્ર સેન બંગાળના યુવાન વર્ગનું મુખ્ય આકર્ષણ બની રહ્યા હતા. બ્રહ્મસમાજની બેઠકોમાં નરેન્દ્રનાથ પણ હાજરી આપતા. વ્યક્તિ તેમ જ રાષ્ટ્રના તમામ પ્રશ્નોનું નિરાકરણ

બ્રહ્મસમાજ દ્વારા થઈ શકશે એવી એમને ખાતરી થઈ, અને સમાજના આગેવાનોના વિચારોનો એમને રંગ લાગ્યો. જ્ઞાતિવાદનું સજ્જડ ચોકઠું એમને પણ અકળાવતું હતું; અનેકેશ્વરવાદ અને મૂર્તિપૂજા પ્રત્યે એમને અણગમો હતો. બ્રહ્મસમાજની હિલચાલને એ ખરા હૃદયથી ચાહવા લાગ્યા અને તેની હિમાયત શરૂ કરી. કેશવચંદ્ર સેન જેવું વિચારોનું સામર્થ્ય, લાગણીનું ઊંડાણ, ઉત્સાહબળ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ એક દિવસ પોતાનામાં પણ પ્રગટ થાય એવી ઇચ્છા તેમના અંતરમાં જાગી ઊઠી.

સને ૧૮૭૮માં બ્રહ્મસમાજમાં ફાટફૂટ થતાં 'સાધારણ બ્રહ્મસમાજ' નામનો નવો સમાજ સ્થપાયો. નરેન્દ્રનાથ આ નવા સમાજમાં જોડાયા; આજે પણ તેમના પ્રાથમિક સભ્યોની નામાવલિમાં એમનું નામ છે. તમામ જ્ઞાતિ, પંથ કે વર્ણના લોકોને કેળવણી આપવા માટે ચાલતી હિલચાલમાં પણ એ જોડાયા. જરીપુરાણી રીતરસમોથી મુક્તિ અપાવે એવી કોઈ પણ હિલચાલમાં જોડાવાનું એમને ગમતું; વિશાળ દૃષ્ટિ પ્રાપ્ત કરવામાં હરકત કરે એવી દરેક બાબતનો એ વિરોધ કરતા. નિષ્ક્રિયતા તો એમના સ્વભાવમાં જ ન હતી. કોઈ પણ બૌદ્ધિક કે આધ્યાત્મિક ઘટના શા માટે અને શી રીતે બનવા પામે છે એનો તાગ મેળવવા એ હંમેશાં મથતા.

ઇશ્વરદર્શનની તીવ્ર ઝંખનાથી પ્રેરાઈને એ એક દિવસ મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર પાસે ગયા. એક વખત પોતાના મિત્રો સહિત નરેન્દ્રનાથ એમનાં દર્શન કરવા ગયેલા, ત્યારે

એમણે એને ધ્યાનની વધુ ઊંડી સાધના કરવાની સલાહ પણ આપી હતી. એટલે ઈશ્વરદર્શનની તીવ્ર વ્યાકુળતાથી નરેન્દ્રનાથ બીજી વાર ત્યાં ગયા. મહર્ષિ તો ગંગા વચ્ચે એક હોડીમાં ધ્યાન-ભજનમાં જીવન વ્યતીત કરતા હતા. નરેન્દ્રનાથને આમ અચાનક આવી ચડેલા જોઈને તેઓ ચમકી ગયા. એ કશું બોલે તે પહેલાં તો ઉત્તેજિત સ્થિતિમાં નરેન્દ્રનાથે એકદમ પ્રશ્ન કર્યો: "મહાશય, આપે ઈશ્વરને જોયા છે?" મહર્ષિ પહેલાં તો કશો ઉત્તર આપી શકયા નહીં, પરંતુ પછી એટલું જ બોલ્યા: "બેટા! તારી આંખો કોઈ યોગીની આંખો જેવી છે!" હતાશ થયેલ નરેન્દ્રનાથને થયું કે હવે કયાં જવું? એ વખતે એમને શ્રી રામકૃષ્ણ યાદ આવ્યા. અગાઉ એક વાર જ્યારે નરેન્દ્રનાથ સને ૧૮૮૧ના નવેમ્બરમાં સુરેન્દ્રનાથ મિત્ર નામના શ્રી રામકૃષ્ણના ભક્તને ઘેર ભજન ગાવા ગયેલા, ત્યારે એ પહેલી વાર શ્રીરામકૃષ્ણને મળ્યા હતા. નરેન્દ્રનાથનું મધુર ભજન સાંભળીને તેઓ એમના પ્રત્યે સારી રીતે આકર્ષાયા હતા, અને દક્ષિણેશ્વર આવવાનું એમને આમંત્રણ પણ આપેલું. આથી નરેન્દ્રનાથે દક્ષિણેશ્વર જઈને શ્રીરામકૃષ્ણને પૂછી જોવાનું નક્કી કર્યું.

પહેલા જ મેળાપ વખતે શ્રીરામકૃષ્ણ સમજી ગયા કે નરેન્દ્ર પોતાનો સંદેશ જગતને આપશે. જેમ ઈશુખ્રિસ્તને પિટર, શ્રીકૃષ્ણને અર્જુન, બુદ્ધને આનંદ અને ગૌરાંગને નિત્યાનંદ સાંપડયા, તેવી જ રીતે શ્રીરામકૃષ્ણને નરેન્દ્રનાથ મળ્યા.

## ૩. શ્રી ગુરુચરણે

ધાર્મિક દૃષ્ટિ, તપશ્ચર્યા અને આધ્યાત્મિક અનુભવોથી ભરપૂર એવા પ્રાચીન ભારતવર્ષના શ્રીરામકૃષ્ણ મૂર્ત સ્વરૂપ હતા. નરેન્દ્રનું ચિત્ત આધુનિક યુગના સંશયોથી ભરેલું હતું; પ્રત્યક્ષ પ્રમાણ વગર ધર્મનાં ઉત્તમ સત્યોને પણ સ્વીકારવા એ તૈયાર ન હતા. પરંતુ સત્ય સમજવા માટેની એમની ઇચ્છા અત્યંત તીવ્ર હતી. નરેન્દ્રને હજી એટલું સમજવાનું બાકી હતું કે આ સાપેક્ષ જગતમાં એ ભલે શ્રેષ્ઠ સાધન હોય, પરંતુ એનાથી પર એવા તત્ત્વનો સાક્ષાત્કાર એ કરાવી શકે નહીં. આ બે મહાન વ્યક્તિઓ – શ્રીરામકૃષ્ણ અને નરેન્દ્રનાથના સમાગમનું શ્રેષ્ઠ ફળ તે સ્વામી વિવેકાનંદ.

પોતાના એ પટ્ટ શિષ્યના પ્રથમ આગમનનું વર્ણન શ્રીરામકૃષ્ણના જ શબ્દોમાં વાંચીએ: "નરેન્દ્રે આ ઓરડામાં પશ્ચિમ દિશાના દ્વારથી પ્રવેશ કર્યો. શરીર અને પહેરવેશની બાબતમાં એ બેપરવા લાગ્યો. બીજા લોકોથી ઊલટું, બાહ્ય જગતમાં એને મુદ્દલ રસ ન હતો. એની આંખો એના અન્તર્મુખ ચિત્તની સાક્ષી પૂરતી હતી; કેમ જાણે એનું ચિત્ત અંતરનાં ઊંડાણમાં કંઈ શોધી રહ્યું ન હોય!

કલકત્તાના જડવાદી વાતાવરણમાંથી આવી આધ્યાત્મિક મનોવૃત્તિ ધરાવતી વ્યક્તિને આવેલી જોઈને મને નવાઈ લાગી. શૌચતળિયે એક સાદડી પાથરેલી હતી. જે સ્થળે તમે આજે ગંગાજળની મોટી નાંદ જુઓ છો એ જ સ્થળની નજીક નરેન્દ્ર સાદડી ઉપર બેઠો. જે મિત્રોની સાથે એ આવ્યો હતો એ બધા સામાન્ય કક્ષાના જુવાનિયા હતા, અને સુખોપભોગની વૃત્તિઓ ધરાવતા હતા. મારી વિનંતીથી એણે થોડાંક બંગાળી ભજનો ગાયાં; એમાંનું એક સામાન્યતઃ બ્રહ્મસમાજમાં ગવાતું ભજન હતું. એની શરૂઆત આ પ્રમાણે છે:

'મન! ચાલો નિજ નિકેતન
સંસાર વિદેશે, વિદેશીને વેશે
ભમો કેમ અકારણ—'

એણે ખૂબ ભાવપૂર્વક ગાયું. એના ગીતથી મને એવો ભાવોદ્રેક થયો કે હું મારી જાત ઉપરનો કાબૂ ખોઈ બેઠો અને સમાધિમાં મગ્ન થઈ ગયો."

ગુરુદેવ સાથેના પ્રથમ મેળાપની નરેન્દ્ર ઉપર પણ ઊંડી અસર થઈ. એમણે પાછળથી પોતાના કેટલાક મિત્રોને એ વિશે પોતાની અંતરની લાગણીઓને સહેજ દબાવીને કહેલું કે, "મેં ભજન તો ગાયું, પણ પછી તરત જ તેઓ એકદમ ઊઠ્યા અને મારો હાથ પકડીને મને ઉત્તરની ઓસરીમાં લઈ ગયા. તેઓએ બારણાં બંધ કર્યાં. બહારની

બાજુથી ઓસરી બંધ હતી, એટલે અમે બંને એકલા હતા. મેં ધાર્યું કે કંઈક ખાનગી ઉપદેશ તેઓ આપશે; પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે, મારો હાથ ઝાલીને તેઓ તો પુષ્કળ હર્ષાશ્રુ વહાવવા લાગ્યા. અને કેમ જાણે હું તેમનો કેટલાય વખતથી પરિચિત હોઉં એ રીતે પ્રેમપૂર્વક બોલાવીને મને એમણે કહ્યું: 'અરે! આટલું બધું મોડું અવાય કે? આટલો બધો વખત રાહ જોવરાવવા જેટલો નિર્દય તું કેમ બન્યો? સંસારી લોકોની અપવિત્ર વાતો સાંભળી સાંભળીને મારા કાન સળગી ગયા છે. અરે, મારી અનુભૂતિ ઝીલી શકે એવી કોઈ વ્યક્તિ આગળ મારા મનનો ભાર હળવો કરવા હું કેવો ઝંખી રહ્યો છું!' ડૂસકાં ખાતાં ખાતાં ખાતાં એમણે આમ બોલ્યે જ રાખ્યું. બીજી જ પળે હાથ જોડીને તેઓ મારી સમક્ષ ઊભા રહ્યા અને કહેવા લાગ્યા: 'પ્રભો! હું જાણું છું કે તમે તો પ્રાચીન ઋષિ નરનારાયણના અવતાર છો અને માનવ-જાતિનાં દુઃખો દૂર કરવા માટે ધરતી ઉપર અવતર્યા છો'.... અને એ રીતે તેઓ બોલતા રહ્યા!

"તેમની આવી વર્તણૂકથી હું તો ચકિત જ થઈ ગયો. મને વિચાર આવ્યો: 'આ માણસને હું મળવા આવ્યો છું! એ તદ્દન પાગલ હોવો જોઈએ! અરે! હું તો વિશ્વનાથ દત્તનો પુત્ર છું અને તેમ છતાં એ મને આ રીતે શા માટે સંબોધતા હશે? પરંતુ શાંત રહીને મેં એમને બોલવા દીધા. પછી તરત જ તેઓ પોતાના ઓરડામાં પાછા ગયા અને થોડીક મીઠાઈ, સાકર અને માખણ

લાવીને પોતાના હાથે મને ખવરાવવા લાગ્યા. મેં વારંવાર કહ્યું કે, 'કૃપા કરીને મીઠાઈ મને આપો. મારા મિત્રો સાથે મળીને હું ખાઈશ.' પણ વ્યર્થ. એમણે એટલો જ ઉત્તર આપ્યો, 'એ લોકોને પછી થોડું મળશે.' હું બધું ખાઈ ગયો ત્યારે જ એ અટક્યા. પછી મારો હાથ પકડીને તેઓ બોલ્યા: 'મને વચન આપ કે પાછો જલદીથી મને એકલો મળવા તું આવીશ.' એમના આવા આગ્રહથી મારે હા કહેવી પડી. પછી એમની સાથે બહાર આવીને હું મિત્રોને મળ્યો."

શ્રીરામકૃષ્ણની વિચિત્ર રહેણીકરણી વિશે નરેન્દ્રના મનમાં વિચારોની જે ગડમથલ ચાલતી તેના વિષે એ કહેતા: "હું બેઠો અને એમનું નિરીક્ષણ કરવા લાગ્યો. બીજાઓ પ્રત્યેની એમની વાતચીત, હાવભાવ અને વર્તનમાં કશું વિચિત્ર ન હતું; ઊલટું એમની આધ્યાત્મિક વાતચીત અને સમાધિદશા ઉપરથી મને એમનામાં સાચા ત્યાગી પુરુષનાં દર્શન થયાં. એમની રહેણીકરણી વચ્ચે સ્પષ્ટ દેખાઈ આવે એવી એકવાક્યતા હતી. એમની વાણી અત્યન્ત સાદી હતી, એટલે મને વિચાર આવ્યો: 'શું આવો પુરુષ મહાન ઉપદેશક હોઈ શકે?' હું એમની વધુ નજીક ગયો અને જે પ્રશ્ન મેં અનેક વાર અનેકને પૂછ્યો હતો તે એમને પણ પૂછ્યો: 'મહાશય, આપે ઈશ્વરને જોયા છે?' એમણે ઉત્તર આપ્યો: 'હા, જેવી રીતે હું તને અહીં જોઉં છું તેવી જ રીતે ઈશ્વરને જોઉં

છું. ફેર એટલો જ કે એને વિશેષ સ્પષ્ટતાથી જોઉં છું. જેવી રીતે હું તને જોઉં છું ને તારી સાથે વાત કરું છું, એ રીતે ઈશ્વરની સાથે પણ થઈ શકે. ઈશ્વરને જોઈ શકાય છે. પરંતુ એવી દરકાર કોણ કરે છે? સ્ત્રી, પુત્ર, ધન અને સંપત્તિ માટે લોકો આંસુની નદીઓ વહાવે છે. પરંતુ ઈશ્વરને માટે એમ કોણ કરે છે? જો કોઈ મનુષ્ય ઈશ્વર ખાતર સાચા હૃદયથી આંસુ સારે તો જરૂર એને ઈશ્વરનાં દર્શન થાય.' આ કથનની મારા ઉપર સચોટ અસર થઈ. પહેલી જ વખત મને એવો પુરુષ જોવા મળ્યો કે જે હિંમતપૂર્વક કહી શકે છે કે, 'મેં ઈશ્વરને જોયો છે.' મને થયું: 'ભલે એ પાગલ હોય; પરંતુ આવો ત્યાગ તો બહુ જ ઓછા મનુષ્યોમાં જોવામાં આવે છે. પાગલ હોય તોપણ આ પુરુષ અત્યંત પવિત્ર છે, અને સાચો સંત છે. કેવળ આ એક કારણે પણ એ મનુષ્યજાતિ માટે વંદ્ય છે.' વિચારોની આવી ઘડભાંજ સાથે મેં એમને પ્રણામ કર્યા અને કલકત્તા પાછા ફરવાની રજા માગી."

નરેન્દ્રનું દક્ષિણેશ્વરમાં આગમન થયું તે પહેલાં જ શ્રીરામકૃષ્ણને એમના આ પટ્ટશિષ્યની કઈ રીતે ઝાંખી થયેલી એ જાણવું રસપ્રદ થશે. આ રીતે તેઓ પોતાની ઝાંખીનું વર્ણન કરે છે: "એક દિવસ મેં જોયું કે મારું ચિત્ત સમાધિમાં કોઈ તેજોમય માર્ગે વિહરી રહ્યું છે. તારામંડિત બ્રહ્માંડને સત્વર વટાવીને એણે મનોમય સૂક્ષ્મતર

પ્રદેશમાં પ્રવેશ કર્યો. એ ઊંચે ને ઊંચે ચડતું ગયું ત્યારે મેં માર્ગની બંને બાજુએ દેવદેવીઓનાં મનોમય સ્વરૂપો જોયાં. પછી ચિત્ત એ પ્રદેશની બાહ્ય સીમાએ પહોંચ્યું. ત્યાં નિરપેક્ષ તત્ત્વના પ્રદેશને સાપેક્ષ તત્ત્વના પ્રદેશથી પૃથક્ કરનાર એક જ્યોતિર્મય વાડ જેવું હતું. એ વાડને ઓળંગીને ચિત્ત એવા અતીન્દ્રિય પ્રદેશમાં પહોંચ્યું કે જ્યાં કોઈ દેહધારી પ્રાણી દેખાતું ન હતું. બીજી જ પળે મેં સાત મહાન ઋષિઓને ત્યાં સમાધિ-સ્થિતિમાં લીન રહેલા જોયા. મને થયું કે જ્ઞાન, પવિત્રતા, ત્યાગ અને ભક્તિના વિષયમાં આ ઋષિઓ કેવળ મનુષ્યોથી જ નહીં, પણ દેવોથી પણ ચડી જાય છે. પ્રશંસામુગ્ધ થઈને હું એમની મહત્તાનો વિચાર કરી રહ્યો હતો, ત્યાં તો મેં એ અખંડ દેદીપ્યમાન પ્રદેશના અમુક ભાગને એક દેવશિશુનું રૂપ ધારણ કરતો જોયો. એ શિશુ એક ઋષિ પાસે આવ્યું, પોતાના નાનકડા સુંદર હાથ વડે આસ્તેથી એમની કોટે વળગી પડ્યું અને મધુર સ્વરે એમને બોલાવીને સમાધિ દશામાંથી એમના ચિત્તને ઉતારવાનો પ્રયત્ન કરવા લાગ્યું. એના જાદુઈ સંસ્પર્શથી ઋષિનું સમાધિદશામાંથી વ્યુત્થાન થયું, અને એમણે પોતાની સ્થિર અને અર્ધ મીંચેલી આંખોને પેલા અદ્‌ભુત બાળક ઉપર ઠેરવી. એમનો મરક મરક થતો મુખપ્રદેશ દર્શાવી આપતો હતો કે એ બાળક એમની હૃદયસંપત્તિરૂપ હોવું જોઈએ. પરમાનંદ-પૂર્વક પેલા અદ્‌ભુત બાળકે એમને કહ્યું : ‘હું પૃથ્વી ઉપર

અવતરીશ. તમારે પણ મારી સાથે આવવાનું છે,' ઋષિ મૂંગા રહ્યા, પણ તેમની કોમળ દૃષ્ટિએ સંમતિ વ્યક્ત કરી દીધી. બાળક તરફ અનિમેષ દૃષ્ટિથી જોતાં જોતાં ઋષિ પુનઃ સમાધિમગ્ન થઈ ગયા. મેં આશ્ચર્યપૂર્વક જોયું કે દેદીપ્યમાન તેજરૂપે એમનો એક અંશ પૃથ્વી ઉપર ઊતરી રહ્યો છે, મેં નરેન્દ્રને જોયો કે તરત જ એને પેલા ઋષિ તરીકે ઓળખી લીધો."[1]

ગુરુદેવે નરેન્દ્રને સ્પર્શ કર્યો, ત્યારથી જ એમનું એના ઉપર પ્રભુત્વ સ્થપાઈ ચૂક્યું હતું. પરંતુ એ પ્રભુત્વમાં જ નરેન્દ્રના આત્મા માટે મુક્તિનો ઉચ્ચ સંદેશ હતો. શ્રીરામકૃષ્ણનો પ્રથમથી જ એ ખ્યાલ હતો કે નરેન્દ્રનાથ જેવા ઉચ્ચ અધિકારીને અદ્વૈત વેદાન્તનાં રહસ્યોમાં પ્રવેશ કરાવવો, અને એ આશયથી અષ્ટાવક્રસંહિતા તેમ જ વેદાન્તનાં અન્ય પુસ્તકોમાંથી કેટલાક ભાગો મોટેથી વાંચવાનું એ તેમને કહેતા. ચુસ્ત બ્રહ્મસમાજી નરેન્દ્રનાથને તો એ બધું નાસ્તિકતાથી ભરેલું લાગતું, એટલે એ વિરોધ કરીને કહેતા: "આ તો ઈશ્વરદ્રોહ ગણાય, કારણ કે આવી ફિલસૂફી અને નાસ્તિકતા વચ્ચે કશો ભેદ નથી. બ્રહ્મ સાથે મારી એકતા માનું એથી વધુ મોટું પાપ બીજું કશું નથી. હું બ્રહ્મ, તમે બ્રહ્મ, આ બધા સૃષ્ટ પદાર્થો પણ બ્રહ્મ ! આથી વિશેષ હાસ્યાસ્પદ બીજું શું હોઈ શકે?

૧. પૂછપરછ કરીને શ્રીરામકૃષ્ણ પાસેથી માહિતી કઢાવવામાં આવી હતી કે એ બાળક શ્રીરામકૃષ્ણ પોતે જ હતા.

જે ઋષિમુનિઓએ આવું લખી કાઢ્યું તેઓ ગાંડા જ હોવા જોઈએ.” આવા આખાબોલા સ્વભાવથી શ્રી-રામકૃષ્ણને આનંદ થતો અને એ એટલું જ કહેતા: “એ ઋષિમુનિઓના વિચારો તું ભલે ન સ્વીકારે, પણ તું એમને ગાળો કેમ આપી શકે? તું પરમાત્માની અનંતતાને સીમિત કેમ કરી શકે? સત્યરૂપી પરમાત્માની પ્રાર્થના કરતો રહે અને તારી સમક્ષ એ પોતાનું જે સ્વરૂપ પ્રગટ કરે તેમાં શ્રદ્ધા રાખ.” પરંતુ નરેન્દ્રનાથ એમ કંઈ સહેલાઈથી નમતું મૂકતા નહીં. પોતાની બુદ્ધિની કસોટીએ જે વસ્તુ ચડી ન શકે તેને એ જુઠ્ઠી જ માનતા; અને અસત્યનો વિરોધ કરવો એ એમના સ્વભાવનું એક લક્ષણ હતું.

એક દિવસ શ્રી રામકૃષ્ણે નરેન્દ્રનાથને પંચવટીમાં બોલાવ્યા અને કહ્યું: “કઠોર તપશ્ચર્યા કરીને મેં ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, પરંતુ મારે તેનો શો ઉપયોગ? હું તો મારું શરીર પણ પૂરું સંભાળી શકતો નથી, એટલે માની રજા લઈને મેં એ સિદ્ધિઓ તને આપી દેવાનો વિચાર કર્યો છે. માએ મને કહ્યું છે કે નરેન્દ્રને મારાં ઘણાં ઘણાં કાર્યો કરવાં પડશે. જો હું આ સિદ્ધિઓ તને આપી દઉં તો જરૂર પડ્યે એનો તું ઉપયોગ કરી શકે. આ બાબતમાં તારું શું કહેવું છે?” પળવાર વિચાર કરીને એણે પૂછ્યું: “શું ઈશ્વરનો સાક્ષાત્કાર કરવામાં આ સિદ્ધિઓ મને કામ આવશે?” ગુરુદેવે જવાબ આપ્યો: “ના, એમાં તો એ સિદ્ધિ તને કામ આવશે નહીં, પરંતુ ઈશ્વરનો

સાક્ષાત્કાર કર્યા પછી જ્યારે તું એનાં કાર્યો કરીશ ત્યારે એ બધી તને ઉપયોગી થઈ પડશે.” નરેન્દ્રનાથે કહ્યું: “તો મારે એ સિદ્ધિઓ ન જોઈએ; પહેલાં મને ઈશ્વરનાં દર્શન થવા દો.”

શ્રીરામકૃષ્ણ અને નરેન્દ્રનાથ વચ્ચેના સંબંધોનો અને એમના સાન્નિધ્યમાં રહીને નરેન્દ્રનાથે અનુભવેલાં પ્રેમ અને સ્વતંત્રતાનો સંપૂર્ણ ખ્યાલ આપવો અશક્ય છે. શ્રીરામકૃષ્ણે તો નરેન્દ્રનાથ સમક્ષ પોતાનું હૃદય ખોલી નાખ્યું હતું; અને સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિ ખીલવવામાં એને સહાય કરી હતી. આ રીતે એમણે નરેન્દ્રનાથની આત્મશ્રદ્ધા, સત્યનિષ્ઠા અને આધ્યાત્મિકતામાં અનેકગણી વૃદ્ધિ કરી હતી. નરેન્દ્રનાથ પ્રત્યે શ્રીરામકૃષ્ણે અલૌકિક પ્રેમ અને વિશ્વાસ દાખવ્યાં અને એ રીતે આ સ્વતંત્ર પ્રકૃતિના યુવાન શિષ્યનું એમણે પ્રેમરૂપી અંકુશથી, અનેક પ્રલોભનો સામે અજ્ઞાતપણે રક્ષણ કર્યું.

## ૪. વિપત્તિઓના વમળમાં

### શ્રીરામકૃષ્ણનું મહાપ્રયાણ

પિતા વિશ્વનાથ દત્ત નરેન્દ્રનાથને એક તેજસ્વી ધારાશાસ્ત્રી બનાવવાની મહત્ત્વાકાંક્ષા સેવી રહ્યા હતા, તદુપરાંત એમની ઇચ્છા હવે પુત્રને પરણાવી દેવાની પણ હતી. નરેન્દ્રનાથના પિતાએ કલકત્તાના એક પૈસાદાર અને વગદાર કુટુંબ સાથે વાત કરી રાખી હતી. આ સંબંધ બંધાય તો નરેન્દ્રનાથના કુટુંબને ભારે દાયજો અને તેના ઉચ્ચ અભ્યાસ માટે ઇંગ્લૅંડ જવાનું ખર્ચ મળે એમ હતું. પરંતુ કશું નક્કી થાય તે પૂર્વે જ વિશ્વનાથ દત્તનું અવસાન થયું અને કુટુંબનો ભાર નરેન્દ્રનાથ ઉપર આવી પડ્યો. અપરિણીત રહેવાનો એનો નિશ્ચય અફર હતો. જ્યારે કુટુંબનાં માણસો એને ગૃહસ્થાશ્રમમાં પડવાનું આગ્રહપૂર્વક કહેતાં, ત્યારે એ આવેશપૂર્વક ઉત્તર આપતો, “શું તમારે મને ડુબાડી દેવો છે? એક વખત પરણ્યો એટલે મારું આવી બનશે.” એક મિત્રે એક વાર એને આ સંબંધમાં કહેલું: “નરેન, નક્કી કરેલા ચોકડામાં શા માટે ઠરીઠામ ન થવું? જગતમાં તારી સમક્ષ જે ઉજ્જ્વળ ભાવિ પડ્યું છે તેના પ્રતિ વધુ ધ્યાન આપીશ તો તારી કારકિર્દી ભવ્ય બની જશે.” ખભા હલાવીને

ત્યારે નરેન્દ્રનાથે ઉત્તર આપેલો, "મને ઘણી વાર ધન અને સત્તા સંપાદન કરીને કીર્તિ, પ્રતિષ્ઠા અને લોકચાહના મેળવવાની ઇચ્છા થઈ આવી છે, પરંતુ ઊંડું ચિંતન કરતાં મને જણાયું છે કે મૃત્યુ તો છેવટ આ બધાંને ભરખી જવાનું છે! તો પછી મૃત્યુ જેનો નાશ કરી શકે એવી મોટાઈ ઊભી કરવાની કડાકૂટમાં શા માટે પડવું? સંન્યાસીનું જીવન ખરેખર મહાન છે. કારણ કે મૃત્યુની શક્તિને હરાવવાનું બળ એ સાધનામાં જ રહેલું છે. સંન્યાસી સનાતન સત્યની શોધમાં લાગેલો હોય છે, જ્યારે દુનિયાને તો પરિવર્તનના નિયમો સાથે સંબંધ હોય છે. અને એ નિયમો પલટાતાંની સાથે દુનિયા પણ પલટાઈ જાય છે."

ઈ.સ. ૧૮૮૪માં નરેન્દ્રનાથે બી.એ.ની પરીક્ષા આપી એ વખતે એમના પિતા હયાત હતા, પરંતુ પરીક્ષાનું પરિણામ આવે તે પહેલાં જ એમનું અવસાન થયું. વિશ્વનાથ દત્તનું આમ ઓચિંતું અવસાન થવાથી કુટુંબની સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ, કારણ કે વિશ્વનાથ હંમેશાં એમની ઉદારતાને કારણે આવક કરતાં ખર્ચ વિશેષ કરતા હતા. તેથી લેણદારો હંમેશાં બારણાં ખખડાવતા અને જેમના ઉપર વિશ્વનાથ દત્તે અનેક ઉપકારો કરેલા એવા સંબંધીઓ પણ દુશ્મનાવટ બતાવવા લાગ્યા. દુઃખનાં વાદળો ઘેરાયાં. સુખચેનની જિંદગીમાંથી નરેન્દ્રનાથ એકાએક સખત ગરીબીમાં આવી પડ્યા અને કેટલીક વાર તો ભૂખમરો વેઠવાની સ્થિતિ પણ ઊભી થતી. આ ભયંકર દિવસો ભૂલવાનો એ પ્રયાસ

કરતા, પણ એનો એ પ્રયાસ નિષ્ફળ નીવડતો; આમ છતાંય આ વિકટ પરિસ્થિતિનો એક મર્દની અદાથી નરેન્દ્ર-નાથે સામનો કરવાનો પ્રયત્ન કર્યો. બી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ એણે એલ.એલ.બી નો અભ્યાસ શરૂ કર્યો. એ વખતે ગરીબાઈ એટલી બધી વધી ગયેલી કે પગમાં પગરખાં પહેરવાં એ પણ વિલાસ થઈ પડયો; વસ્ત્રો માટે હવે જાડું કાપડ આવ્યું અને કેટલીયે વાર જમ્યા વગર એમને કૉલેજમાં જવું પડતું. કેટલીક વાર ભૂખ અને નબળાઈથી એમને તમ્મર આવી જતાં.

જીવનનાં એ કપરાં વર્ષોની વાત નરેન્દ્રનાથે જ કહી છે: "નોકરીની શોધમાં મારે હાથમાં અરજી લઈને ધોમ ધખતા તાપમાં જમ્યા વગર ઉઘાડે પગે એક ઑફિસેથી બીજી ઑફિસે આથડવું પડતું, અનેક ધક્કાઓ ઉપરાંત સર્વત્ર મને જાકારો જ મળતો. મારા મિત્રો પણ મારાથી વિખૂટા થવા લાગ્યા હતા. હું થાકીને લોથપોથ થઈ જતો. મારા પગમાં પીડા થતી અને એકટર્લોની મૉન્યુમેંટ પાસે છાંયડામાં હું બેસી જતો. . . ખોટે રસ્તે ગુજરાન ચલાવતા મારા કેટલાક જૂના મિત્રોએ મને એમની સાથે ભળવાનું કહ્યું. અનેક પ્રલોભનો મારી સમક્ષ ઉપસ્થિત થયાં. મારી ગરીબીના દિવસોનો અંત આણવા એક પૈસાદાર સ્ત્રીએ અઘટિત કહેણ મોકલ્યું. પરંતુ એને મેં એકદમ તિરસ્કાર-પૂર્વક નકારી કાઢ્યું. કોઈ વખત મારા મિત્રો પૂછતા પણ ખરા કે, "આજે તું આટલો બધો ફિક્કો અને દૂબળો

કેમ દેખાય છે ?'' માત્ર એક જ મિત્રે મને ખબર ન પડે તેમ મારી ગરીબ અવસ્થા જોઈ લીધી અને અવાર-નવાર મારી માતાને એણે અનામી મદદ મોકલ્યા કરી. આવી અનુકંપાથી એણે મને મહાન ઋણી કર્યો છે.

''આમ છતાંયે આ બધી હાડમારીઓ વચ્ચે પણ ઈશ્વરના અસ્તિત્વ વિષે, એની કરુણા વિશે મેં શ્રદ્ધા ગુમાવી નહીં. એક વકીલની ઑફિસમાં કામ કરીને તેમ જ થોડાંક પુસ્તકોનો અનુવાદ કરીને હું કેવળ નિર્વાહ પૂરતું મેળવી શકતો, પરંતુ આ કંઈ કાયમની આવક ન હતી.

''એક દિવસ મને વિચાર સૂઝી આવ્યો કે 'માતાજી તો શ્રીરામકૃષ્ણની પ્રાર્થના સાંભળે છે, તો પછી મારી આર્થિક તંગી ટાળવા માટે મારા વતી પ્રાર્થના કરવાનું એમને શા માટે ન કહેવું ? મારી વિનંતીનો એ તો કદાપિ અસ્વીકાર ન જ કરે.' પરંતુ દક્ષિણેશ્વર જતાં એમણે કહ્યું, 'બેટા ! મારાથી આવી માગણી થઈ શકે નહીં. તું જ જઈને પ્રાર્થના કર. તારાં બધાં દુઃખો તેની અવગણનાને કારણે જ છે. તું એને માનતો નથી, તેથી તે તારી પ્રાર્થના મંજૂર કરતી નથી. આજે મંગળવાર છે, આજે રાતે કાલી-મંદિરમાં જજે, જગદંબાને સાષ્ટાંગ પ્રણામ કરજે અને ઇષ્ટ વરદાન માગી લેજે. તારી માગણી અવશ્ય મંજૂર થશે.' મેં એમનો શબ્દેશબ્દ સાચો માન્યો. રાતે નવેક વાગ્યે એમણે મને મંદિરમાં જવાની આજ્ઞા કરી. હું અંદર

ગયો, દિવ્ય આવેશમાં મૂર્તિ ઉપર નજર નાખતાંવેંત જ મને અનુભવ થયો કે દિવ્ય પ્રેમ અને સૌન્દર્યના શાશ્વત ધામરૂપ જગદંબા હાજરાહજૂર છે. પરમાનંદમાં આવી જઈને મેં વારંવાર દંડવત્ પ્રણામ કરવા માંડયા અને પ્રાર્થના કરી, 'મા ! મને વિવેક આપ ! મને વૈરાગ્ય આપ ! જ્ઞાન અને ભક્તિ આપ ! મને તારાં સતત દર્શન થતાં રહે એવું વરદાન આપ.' મારો આત્મા પરમ શાંતિમાં ડૂબ્યો, સંસારની વિસ્મૃતિ થઈ ગઈ અને કેવળ જગદંબાનો પ્રકાશ જ હૃદયમાં વ્યાપી રહ્યો.

"જેવો હું પાછો ફર્યો કે તરત જ શ્રીરામકૃષ્ણે મને પૂછ્યું, 'સાંસારિક ગરીબી ટાળવા માટે માને પ્રાર્થના કરી ને?' આ પ્રશ્નથી હું ચમકી ગયો અને બોલ્યો, 'ના મહાશય ! એ બધું તો હું ભૂલી જ ગયો, પરંતુ હવે કોઈ ઉપાય છે?' એમણે જવાબ દીધો, 'ફરીથી જા અને તારે જે જોઈએ તેની વાત એને કહે.' હું ફરીથી બે વાર ગયો પણ જ્ઞાન અને ભક્તિ સિવાય કશું જ માગી શક્યો નહીં, મને લાગ્યું કે શ્રીરામકૃષ્ણે જ મને વિસ્મૃતિમાં નાખ્યો છે. અંતે એમણે જાતે જ કહ્યું કે, 'સાંસારિક સુખ ભોગવવા માટે તું સર્જાયો નથી, છતાં ઠીક, તારાં કુટુંબીજનોને સાદાં અન્નવસ્ત્રની કદાપિ તાણ નહીં પડે.' "

શ્રીરામકૃષ્ણે નરેન્દ્રનાથની જગદંબાને સોંપણી કરી તેને અઢી વર્ષ થયાં હતાં. નરેન્દ્રનાથે આગળ ઉપર એક વાર કહ્યું હતું : " મને જગદંબાને સોંપી દીધો એ સમયથી

છ માસ સુધી જ ગુરુદેવની શારીરિક શક્તિ ટકી રહી. બાકીનો સમય તો એમણે યાતનામાં ગાળ્યો.'' ગુરુદેવની શક્તિ હવે નરેન્દ્રનાથમાં વહેવા લાગી. પરંતુ શ્રીરામકૃષ્ણનું સ્વાસ્થ્ય કથળતું ગયું; તેમને કેન્સર થયું છે તેવું નિદાન થતાં દક્ષિણેશ્વરથી તેમને કાશીપુર ઉદ્યાનમાં ખસેડવામાં આવ્યા.

કાશીપુરમાં નરેન્દ્ર ગુરુદેવની અનન્ય સેવા કરતા અને સવારસાંજ તથા ક્યારેક મધ્યરાત્રીએ પ્રચૂર ગહન ધ્યાન પણ કરતા. એક સાંજે તેમનું ધ્યાન રાત્રીના નવ સુધી ચાલ્યું, તે દિવસે તેમણે ધ્યાનમાં ચરમ તત્ત્વોને પામ્યા હોય તેવો અનુભવ કરેલ. એકાએક પોતાની પાછળ કોઈ પ્રકાશ હોય તેવો અનુભવ કર્યો. એ પ્રકાશ વધતો ગયો અને આખરે નરેન્દ્રનાથનું ચિત્ત એમાં લય પામ્યું. એ હતી નિર્વિકલ્પ સમાધિની ઊંચામાં ઊંચી 'ભૂમિકા'. अहं ब्रह्मास्मिની ઉપનિષદો-એ ગાયેલી સ્થિતિ એને પ્રત્યક્ષ થઈ ચૂકી હતી. જ્યારે એ ગુરુદેવ પાસે ગયા ત્યારે એમણે એની આંખોનું ઊંડું નિરીક્ષણ કરતાં કહ્યું: "હવે તો માએ તને બધું બતાવી દીધું છે. કોઈ પણ ખજાનાને પેટીમાં તાળું વાસીને રાખવામાં આવે છે, એવી રીતે તને હમણાં જ પ્રાપ્ત થયેલી અનુ-ભૂતિને પણ તાળું વાસીને રાખવામાં આવશે, અને એની ચાવી મારી પાસે રહેશે. તારે જગન્માતાનું કાર્ય કરવાનું છે. જ્યારે તું તે કાર્ય પાર પાડીશ ત્યારે આ તિજોરીનું તાળું ફરી ખોલવામાં આવશે.'' આ પછી ધ્યાન તન્મયતામાં

નરેન્દ્રનાથનો કેટલો વિકાસ થયો હતો એ નીચેના દાખલાથી સ્પષ્ટ થશે.

એક દિવસ એ અને ગિરીશ એક વૃક્ષ નીચે ધ્યાન ધરવા બેઠા. મચ્છરોનો કંઈ પાર ન મળે, એટલે ગિરીશ તો અસ્વસ્થ થઈ ગયા. આંખો ખોલીને જ્યારે એણે નરેન્દ્રનાથ તરફ જોયું ત્યારે એ તો આભા જ બની ગયા. નરેન્દ્રનાથના શરીર ઉપર મચ્છરોની ચાદર પથરાઈ ગઈ હતી; ધ્યાનમાંથી જાગ્યા પછી પણ નરેન્દ્રનાથને એનો કશો ખ્યાલ ન હતો.

જ્યારે મહાસમાધિને ત્રણચાર દિવસ રહ્યા ત્યારે શ્રી-રામકૃષ્ણે નરેન્દ્રનાથને એકાંતમાં પોતાની પાસે બોલાવ્યા, અને એમના તરફ સ્થિર દૃષ્ટિ કરીને એ ઊંડી સમાધિમાં મગ્ન થઈ ગયા. નરેન્દ્રને એવું લાગ્યું કે જાણે કોઈ વીજળીના આંચકા જેવો સૂક્ષ્મ પ્રવાહ એના શરીરમાં પ્રવેશી રહ્યો છે; એણે સઘળું બાહ્યજ્ઞાન ગુમાવ્યું. જ્યારે એને ભાન આવ્યું ત્યારે એણે જોયું કે શ્રીરામકૃષ્ણ રડી રહ્યા છે, તેઓ રડતાં રડતાં બોલ્યા, “અરે નરેન! આજે મેં તને મારું સર્વસ્વ આપી દીધું છે. હવે તો હું અકિંચન ફકીર બની ગયો છું. મેં આપેલી શક્તિના સામર્થ્યથી તું મહાન કાર્યો કરી શકીશ. એ કાર્યો પાર પાડ્યા પછી તું જ્યાંથી આવ્યો છે ત્યાં પાછો જઈશ.” એક દીવો ઓલ-વાતાં પહેલાં બીજો દીવો પ્રગટ્યો. આકરાં તપ તપીને અને પ્રચંડ પુરુષાર્થ કરીને મેળવેલો દિવ્ય ખજાનો ગુરુદેવે પોતાના શિષ્યને આપ્યો. નરેન્દ્રનાથના જીવનની એ ધન્ય પળ હતી.

શ્રીરામકૃષ્ણની સમાધિના બે દિવસ પહેલાં નરેન્દ્રનાથ એમની પથારી પાસે ઊભા હતા ત્યારે એમને એક વિચિત્ર વિચાર આવ્યો. એમને થયું : "પોતે ઈશ્વરનો અવતાર છે એવું તો શ્રીરામકૃષ્ણ અનેક વખત બોલી ચૂકયા છે. પરંતુ જ્યારે એ આવી શારીરિક પીડા અને અસહ્ય વેદના ભોગવી રહ્યા છે, એ અવસ્થામાં પણ જો એ કહી શકે કે 'હું' ઈશ્વરનો અવતાર છું' તો હું એમને માનું" આ વિચાર એને આવ્યો કે તરત જ ગુરુદેવ એના તરફ ફર્યા અને બધી શક્તિ ભેગી કરીને સ્પષ્ટ રીતે બોલ્યા : "અરે નરેન ! તને હજી ખાતરી થતી નથી ? જે રામ હતા, જે કૃષ્ણ હતા તે જ રામકૃષ્ણરૂપે આ દેહમાં વિરાજે છે. પરંતુ તારી વેદાન્તદષ્ટિથી નહીં !" આટલી બધી અનુભૂતિઓ પછી પણ ક્ષણવાર માટે પોતે શંકાશીલ બન્યો, એ ખ્યાલથી નરેન્દ્રનાથ ભારે પશ્ચાત્તાપ અને ભોંઠપ અનુભવી રહ્યો.

તા. ૧૬મી ઑગસ્ટ ૧૮૮૬ના રોજ, મુખ પર દિવ્ય સ્મિત સાથે શ્રીરામકૃષ્ણે મહાસમાધિમાં પ્રવેશ કર્યો. આ પાર્થિવ જગતમાં તેઓ કદી પાછા ફરવાના ન હતા. દીપકનું નિર્વાણ થયું. એ મહાન આધ્યાત્મિક જીવન પર પડદો પડી ચૂકયો.

# ૫. પરિવ્રાજક જીવન અને કન્યાકુમારી

શ્રીરામકૃષ્ણ મહાસમાધિ પામ્યા બાદ સુરેન્દ્રનાથ મિત્રની સહાયથી દક્ષિણેશ્વર અને કલકત્તા વચ્ચે આવેલા વરાહનગરમાં બે માળનું બિસ્માર હાલતમાં પડેલું એક ભૂતિયું મકાન માસિક દશ રૂપિયાના ભાડામાં તેઓએ ભાડે લીધેલું.

વરાહનગર મઠમાં જ યુવકોએ વિધિપૂર્વક વિરજાહોમ કર્યો; આજીવન બ્રહ્મચર્ય અને અપરિગ્રહની પ્રતિજ્ઞા લીધી; ઈશ્વરપ્રાપ્તિ માટે જીવન સમર્પણ કર્યું. પૂર્વ જીવનના સંબંધો અને સંસારી નામો છોડી સંન્યાસી નામો ધારણ કર્યાં. નરેન્દ્રનાથે એ વખતે 'વિવેકાનંદ' નામ ધારણ કરેલું; પરંતુ પ્રવાસ દરમ્યાન ગુરુભાઈઓને પોતાની ભાળ ન લાગે એટલા સારુ અવારનવાર તે પોતાનું નામ બદલીને પ્રવાસ કરતા, આથી આ પરિવ્રાજક સમય દરમ્યાન તેમનાં 'વિવિદિશાનંદ' 'સચ્ચિદાનંદ' વગેરે નામોનો ઉલ્લેખ મળે છે.

હવે આપણે પણ નરેન્દ્રનું જૂનું નામ છોડીને સ્વામી વિવેકાનંદ તરીકે એમને ઓળખીશું. એક જ સ્થળે રહેવું એ સંન્યાસીની દૃષ્ટિએ – સંન્યાસના આદર્શ સાથે સુસંગત નથી, અને પોતાની સંન્યાસવૃત્તિને કસોટીએ ચડાવવા તથા

પોતાની ગેરહાજરીમાં ગુરુભાઈઓ સ્વાવલંબી બનતાં શીખે એ દૃષ્ટિએ સને ૧૮૮૭થી ૧૮૯૩ સુધી એમણે ભારતભરમાં ભ્રમણ કર્યું. આ વર્ષોનો ઇતિહાસ પૂરેપૂરો મળતો નથી છતાં અવારનવાર પોતાના શિષ્યોને તથા ગુરુભાઈઓને લખેલા પત્રોમાંથી સારી એવી માહિતી મળી શકે છે.

પ્રવાસ દરમ્યાન કાશીમાં બનેલો એક પ્રસંગ ઘણો જ બોધપ્રદ છે. એક વખત વાંદરાઓનું ટોળું એમની પાછળ પડ્યું. સ્વામીજીએ પણ દોટ મૂકી. એ વખતે એક વૃદ્ધ સંન્યાસીએ કહ્યું, "ભાગો નહીં. પશુઓનો હમેશાં સામનો કરો." આ પ્રસંગનો પડઘો વર્ષો પછી એમણે ન્યૂયોર્કમાં કરેલા એક પ્રવચનમાં પડ્યો. આ હકીકતને ઉદ્દેશીને જ એમણે કહેલું: "કુદરતની સામે થાઓ! અજ્ઞાનનો સામનો કરો! માયાની સામે થાઓ! કદી એનાથી ભાગો નહીં." કાશીમાં તેમણે ત્ર્યૈલંગ સ્વામી અને ભાસ્કરાનંદ સ્વામીની પણ મુલાકાત લીધી હતી. પવિત્ર ભાગીરથી, અસંખ્ય મંદિરો, અનેક ભક્તગણો અને ભગવાન બુદ્ધ તથા શંકરાચાર્યનાં સંસ્મરણો: આ બધું એમની કલ્પનાને ઉત્તેજી રહ્યું.

વરાહનગરમાં થોડો વખત રહીને એ ઉત્તર ભારતનાં તીર્થસ્થળોમાં ભ્રમણ કરવા ઊપડ્યા. તેઓ ફરીથી કાશીમાં આવ્યા. ત્યાં તેમને સંસ્કૃતના પ્રખર પંડિત બાબુ પ્રમદાદાસ મિત્ર સાથે મૈત્રી થઈ. બંને ગાઢ મિત્રો બન્યા. હિન્દુ શાસ્ત્રોના અર્થ કરવામાં ઘણી વાર સ્વામીજી આ પંડિતજીની સલાહ લેતા. ત્યારથી બંને વચ્ચે પત્રવ્યવહાર ચાલુ થયો.

શ્રીરામચંદ્રજીની પુનિત ભૂમિ અયોધ્યા અને નવાબોની જાહોજલાલીના સ્મારકસમું લખનૌ જોયા પછી સ્વામીજી આગ્રામાં આવી પહોંચ્યા. એમનું કલારસિક મન મોગલ સામ્રાજ્યની કીર્તિ અને કળાના અપ્રતિમ પ્રતીક સમા તાજમહાલની ભવ્યતા જોઈને પ્રસન્ન થયું. તેમણે તાજને ફરી ફરીને નિહાળ્યો. તેઓ કહેતા: "આ ભવ્ય ઇમારતનો ઇંચેઇંચ નિહાળવા અને એનો બરાબર અભ્યાસ કરવા માટે ઓછામાં ઓછા છ માસ લાગે." આગ્રાનો કિલ્લો, ત્યાંના મહેલો અને મકબરાઓ જોઈને એમની સમક્ષ આખો મુસલમાન યુગ જાણે જીવતો બન્યો.

આગ્રાથી એ વૃંદાવન આવ્યા. છેલ્લા ત્રીસ માઇલ પગે ચાલીને આવ્યા. સને ૧૮૮૮ના ઑગસ્ટની શરૂઆત હતી. એમની પાસે ફક્ત એકબે પુસ્તકો, દંડ, અને કમંડલુ હતાં. રસ્તાનો થાક દેખાઈ આવતો હતો. તેવામાં વૃંદાવનની નજીક એક માણસને એમણે લહેરથી ચલમ પીતો જોયો. સ્વામીજીને પણ એક બે દમ ખેંચવાની ઇચ્છા થઈ આવી, પણ ચલમવાળો તો ભંગી હતો. સ્વામીજીના નાતજાતના પૂર્વસંસ્કાર સળવળી ઊઠ્યા, અને એ આગળ ચાલ્યા. થોડી વાર ચાલ્યા પછી એકદમ એમને વિચાર આવ્યો. "અરે! મેં તો સંન્યાસીનું વ્રત લીધું છે અને નાતજાત ને કુલાભિમાનના વિચારો તો ક્યારનાયે ત્યાગી દીધા છે; અને છતાંયે જ્યારે પેલા માણસે કહ્યું કે 'હું ભંગી છું' ત્યારે મને નાતજાતના વિચારો આવ્યા! એની ચલમ

હું પી ન શક્યો! આ બધાંનું કારણ જન્મથી પડેલા સંસ્કારો જ છે.” એ એકદમ પાછા ફર્યા. પેલો માણસ હજી ત્યાં જ હતો. સ્વામીજીએ તેની પાસેથી ચલમ માગી. પેલા માણસે જરા આનાકાની કરી પણ સ્વામીજીએ તેને હસી કાઢ્યો. તેની ચલમ લઈને પીધી અને પછી જ પોતાનો પ્રવાસ આગળ ચલાવ્યો. આ પ્રસંગે એમને શીખવ્યું કે સંન્યાસ એ ખરેખર એક વિષમ અસિધારાવ્રત છે. આ વિશે એક શિષ્યને એમણે કહેલું: “એ બનાવે મને એવો મહાન બોધ આપ્યો કે મારે કોઈનો પણ તિરસ્કાર ન કરતાં સૌનો પ્રભુનાં બાળકો તરીકે જ વિચાર કરવો જોઈએ.”

અયોધ્યાએ સીતારામનાં પુનિત સ્મરણોથી સ્વામીજીના ચિત્તને ભરી દીધું, તેવી જ રીતે વૃંદાવને રાધાકૃષ્ણનાં સંભારણાંથી ભક્તિમય બનાવી દીધું. પશ્ચાત ગોવર્ધન પર્વતની તેઓ પ્રદક્ષિણા કરી રહ્યા હતા, ત્યારે એમણે નિશ્ચય કર્યો કે કોઈની પાસે ભિક્ષા માગવી નહીં, સહેજે મળી જાય તો જ ભોજન કરવું. આ નિશ્ચયની કસોટી પણ તરત જ થઈ. બપોર થયા, ભૂખ લાગી. અધૂરામાં પૂરું વરસાદ પડવા લાગ્યો. સ્વામીજી કશાની પરવા કર્યા વિના આગળ ને આગળ ચાલતા રહ્યા. એકાએક કોઈ વ્યક્તિનો સાદ સંભળાયો. એ અટક્યા નહીં. પેલી વ્યક્તિ તો ભોજન કરાવવા માટે એમને વધુ ને વધુ સાદ કરાવવા લાગી. સ્વામીજી દોડ્યા, પેલી વ્યક્તિ પણ દોડી. એક

માઈલ સુધી દોડયા. એટલામાં વ્યક્તિએ સ્વામીજીને પકડી પાડયા. એણે સ્વામીજીને ભોજન કરાવ્યે જ છૂટકો કર્યો. પછી એક પણ શબ્દ બોલ્યા વગર એ વ્યક્તિ પાછી ચાલી ગઈ. ભક્તની સંભાળ પ્રભુ પોતે જ લે છે, એ વિચારે સ્વામીજી ગળગળા થઈ ગયા.

બીજો પ્રસંગ પણ એવો જ રોમાંચક છે. રાધાકુંડમાં સ્નાન કરવા માટે સ્વામીજીએ પોતાનું કૌપીન ધોયું અને એક બાજુએ સૂકવ્યું. એમની પાસે આ એક કૌપીન સિવાય બીજું કંઈ વસ્ત્ર જ ન હતું. સ્નાન કરીને એ બહાર આવ્યા ત્યારે કૌપીન ન મળે! એક વાંદરો સ્વામીજીના એકના એક કૌપીનને ઉઠાવી ગયો હતો. ઝાડ ઉપર હાથમાં કૌપીન રાખીને એ બેઠેલો હતો. સ્વામીજીને ગુસ્સો ચડયો: પેલા વાંદરા ઉપર નહીં, પણ રાધાજી ઉપર! "તમારી ભૂમિમાં મારી આવી સ્થિતિ? જંગલમાં જઈને ભૂખમરો વેઠીને શરીરત્યાગ કરીશ." ત્યાં તો સામેથી એક માણસ નવું ભગવું વસ્ત્ર અને થોડું ભોજન લઈને આવી રહ્યો હતો. સ્વામીજીને નવાઈ લાગી. એ બંને વસ્તુ એમણે સ્વીકારી લીધી. પછી એ કુંડ તરફ પાછા ફર્યા તો પેલું કૌપીન પણ ત્યાં જ પડેલું હતું.

વૃંદાવનથી સ્વામીજી હરદ્વાર ગયા. હરદ્વાર અને હૃષીકેશના શાંત, વૈરાગ્યમય વાતાવરણમાં સ્વામીજી નિજાનંદમાં રહેવા લાગ્યા. પવિત્ર ભાગીરથીનો મર્મર ધ્વનિ અને હિમાલયનાં વૃક્ષોથી લીલાંછમ શિખરોનું મંગલદર્શન:

આ બંને વસ્તુઓએ એમને નિરતિશય આનંદ આપ્યો. ત્યારબાદ સને ૧૮૮૮નું વર્ષ પૂરું થતાં સ્વામીજી વરાહ-નગર મઠમાં પાછા ફર્યાં.

પુસ્તકો ખરીદવાની મઠની સ્થિતિ ન હતી. સ્વામીજીએ પોતાના પરમ મિત્ર બાબુ પ્રમદાદાસ મિત્ર પાસેથી કેટલાંક વેદાંતનાં પુસ્તકો થોડા વખત માટે મંગાવ્યાં, વળી પાણિનિનું વ્યાકરણ પણ મંગાવ્યું. વેદનો અભ્યાસ કરતાં પહેલાં આ વ્યાકરણનો અભ્યાસ જરૂરી હતો. શાસ્ત્રોના આ અભ્યાસે સ્વામીજીને કેટલાક સામાજિક રિવાજો વિશે તેમ જ શાસ્ત્રોનાં વિધાનોમાં ક્યાંક ક્યાંક દેખાતી વિષમતાઓ વિશે વિચાર કરતા કરી મૂક્યા. શૂદ્રો માટે વેદાભ્યાસનો પ્રતિબંધ, વર્ણવ્યવસ્થાનું પતન વગેરે અનેક પ્રશ્નોને એમણે વિવેકબુદ્ધિની એરણ ઉપર મૂક્યા. સ્વામીજીને ખાતરી થઈ કે જો ભારતનું પુનરુત્થાન કરવું હોય તો વેદો અને ઉપનિષદોનાં સત્યોને તમામ વર્ગોની મૂડી બનાવવી જોઈએ.

કલકત્તાથી દૂર દૂર ભાગી જવાની સ્વામીજીને સતત ઇચ્છા રહ્યા કરતી; હિમાલયમાં પ્રવાસ કરવાની ઝંખના પણ એમને છોડતી ન હતી. આખરે સને ૧૮૮૯ના ડિસેમ્બરમાં એમણે ઉત્તર ભારતનાં તીર્થો અને હિમાલય દર્શનનો પંથ લીધો. માર્ગમાં ગાઝીપુર ખાતે ગંગાતટે એક ગુફામાં રહેતા પવહારીબાબાનાં દર્શન પણ તેમણે કરેલ. અને ભક્તિ તથા યોગની સાધનામાંથી ઉદ્ભવેલી તેમની

અદ્‌ભુત શક્તિનાં દર્શન કરી સ્વામીજીને યોગ શીખવાની તાલાવેલી લાગેલી. પરંતુ આવો વિચાર આવતાં જ તેમને ગુરુદેવ શ્રી રામકૃષ્ણનાં દર્શન થતાં. શ્રીરામકૃષ્ણની એવી ઇચ્છા ન હતી, અને અંતે સ્વામીજીએ હઠયોગ શીખવાનો વિચાર પણ છોડી દીધો હતો.

હિમાલયનાં દર્શન કરવા માટે એમનો આત્મા તલસી રહ્યો હતો; હિમાલયથી પોતે પાછા ફરશે ત્યારે એક પ્રકારનો પુનર્જન્મ પામીને જ આવશે એવો દૃઢ વિશ્વાસ એમનો હતો. એમણે એમના મિત્ર શ્રીયુત બાબુ પ્રમદાદાસ મિત્રને કાશીમાં કહ્યું હતું કે, “અત્યારે તો જાઉં છું, પરંતુ જ્યારે હું પાછો આવીશ ત્યારે બૉમ્બની જેમ સમાજ ઉપર તૂટી પડીશ અને સમાજ એક વફાદાર કૂતરાની જેમ મારી પાછળ પાછળ આવશે.” કહેવાની જરૂર નથી કે બન્યું પણ તેમ જ. એક મહાન સેનાપતિની છટા એમની વાણીમાં દેખાય છે. વિખ્યાત ફ્રેન્ચ સાહિત્યકાર રોમાં રોલાંએ યોગ્ય રીતે જ કહ્યું છે: ‘Within him there was a Napoleon’ (એમનામાં નેપોલિયન જેવી શક્તિ હતી).

નૈનીતાલ, આલમોડા થઈને બદરિકાશ્રમ જવાની તેમની ભાવના હતી. પગપાળો પ્રવાસ કરવાનો હતો. પાસે પૈસો પણ ન હતો. ત્યાં માર્ગે એક પુરાણા વડના ઝાડ તળે, એક ઝરણા પાસે તેમણે ત્રણ રાત્રિઓ ગાળી હતી, અને સ્વામીજી કલાકો સુધી ગહન ધ્યાનમાં બેસતા.

ધ્યાન પૂરું થતાં એમણે ગુરુભાઈને કહ્યું : "અરે ગંગાધર! અહીં તો આ વટવૃક્ષ નીચે મારા જીવનની જટિલ સમસ્યા ઉકેલાઈ ગઈ!" પછી એમણે પોતાને જે પિંડ અને બ્રહ્માંડની એકતાનું અપૂર્વ દર્શન થયું તેની વાત કરી.

આલમોડામાં તેમને પોતાના ગુરુભાઈઓ તરફથી પોતાની એક બહેનના આપઘાતના સમાચાર તાર દ્વારા મળતાં તેઓ ખૂબ ખિન્ન થઈ ગયા હતા. સમસ્ત ભારતની સ્ત્રીઓના મહાન પ્રશ્નો વિશે આ પ્રસંગે એમને વિચારતા કરી મૂક્યા હતા. પરંતુ આવા અનેક વિચારો વચ્ચે એમણે પ્રવાસ તો આગળ વધાર્યે જ રાખેલ. દુકાળ ચાલતો હોવાથી બદરિકાશ્રમ અને કેદારનાથ જવાનો રસ્તો સરકારે બંધ કર્યો હતો. તેથી રુદ્રપ્રયાગમાં તેમણે લાંબા વખત સુધી તપસ્યા કરી હતી. ત્યાર બાદ ગઢવાલ, શ્રીનગર આવીને તેઓ રહેલા. શ્રીનગરમાં ગાળેલા એક માસ દરમ્યાન સ્વામીજીએ છાંદોગ્ય અને બૃહદારણ્યક સિવાયનાં અન્ય મુખ્ય ઉપનિષદો વિશે ગુરુભાઈઓ સાથે સ્વાધ્યાય ચલાવ્યો.

શ્રીનગરથી સ્વામીજી ટીહરી, મસૂરી, રાજપુર, દહેરાદૂન થઈને હૃષીકેશ આવેલ. ભગવાન ચંદ્રેશ્વરના મંદિર પાસે આવેલી એક ઝૂંપડીમાં નિવાસ કર્યો. અહીં તેમની તબિયત એટલી લથડી કે સન્નિપાત થઈ ગયો, અને તેઓ બેભાન બની ગયા. ગુરુભાઈઓ આથી ખૂબ મૂંઝાયા. મદદ માટે ક્યાં જવું? સ્વામીજી એમને મન પ્રાણસમા હતા; એમના

વિના સૌને જગત સૂનું હતું. એ વખતે એક પહાડી માણસની જડીબુટ્ટીએ સ્વામીજીનું જીવન બચાવી લીધું. અણધારી મળી આવેલી એ જડીબુટ્ટીથી સ્વામીજીને આરામ થયો અને ગુરુભાઈઓના જીવમાં જીવ આવ્યો. સ્વામીજીમાં કંઈક શક્તિ આવતાં, તેમના ગુરુભાઈઓ તેમને હરદ્વાર, કનખલ થઈને સહરાનપુરને રસ્તે મીરત લઈ ગયેલ. ત્યાં તેમના અનેક ગુરુભાઈઓ આવી મળેલ, અને એક શેઠે પોતાના બગીચામાં સૌના નિવાસ અને ભિક્ષાની વ્યવસ્થા કરતાં સ્વામીજીએ પોતાનું પહેલાંનું આરોગ્ય અને ઉત્સાહ પાછાં મેળવી લીધાં.

સ્વામીજીએ ત્યાં રહીને મૃચ્છકટિક, શાકુંતલ, કુમાર-સંભવ અને વિષ્ણુપુરાણનું અધ્યયન અને સ્વાધ્યાય કર્યો. એક વખત મીરતના પુસ્તકાલયમાંથી સર જોન લબકના ગ્રંથોનો આખો સેટ મંગાવ્યો અને બીજે દિવસે એ પુસ્તકો એમણે પાછાં મોકલી દીધાં. ગ્રંથપાલને વિશ્વાસ ન આવતાં, તેણે થોડા પ્રશ્નો પૂછ્યા. પછી ગ્રંથપાલે પોતાની ભૂલ કબૂલ કરી અને તે નવાઈ પામ્યા કે આટલાં બધાં પુસ્તકો સ્વામી-જીએ આટલી ઝડપથી વાંચ્યાં શી રીતે? આનો જવાબ દેતાં સ્વામીજીએ કહેલું: "હું કંઈ પુસ્તકનો શબ્દેશબ્દ વાંચતો નથી; હું તો કેલીડોસ્કોપ(Kalidoscope)ની જેમ વાંચી જાઉં છું ને કોઈ વાર તો ફકરાનું મથાળું વાંચીને ભાવાર્થ સમજી લઉં."

મીરતથી દિલ્હી થઈને સ્વામીજી અલ્વર ગયા હતા,

ત્યાં એક મૌલવી તેમના ભક્ત બનેલ અને સ્વામીજીએ તેમને ઘેર જઈને ભોજન લેવાનું ખૂબ જ પ્રેમથી સ્વીકારેલ. અલ્વરના મહારાજાના દીવાને પણ પોતાને ત્યાં નિમંત્રેલ; અને પોતે મૂર્તિપૂજામાં શ્રદ્ધા ધરાવતા નથી તેમ તેઓ કહેતા. તેમના જ મહારાજાની છબી ઉપર ભરેલ દરબારમાં થૂંકવા સ્વામીજીએ કહેલું. આ સાંભળતાં જ સૌ ધ્રૂજી ઊઠેલ. મહારાજસાહેબની છબી ઉપર થૂંકાય? ત્યારે સ્વામીજીએ કહેલું: "છબીમાં મહારાજનું ચિત્ર છે, છતાં આપણે તેમનું સન્માન મહારાજસાહેબ પ્રત્યક્ષ હોય તેટલું જ કરીએ છીએ, તો મૂર્તિમાં પણ ભક્તો પ્રત્યક્ષ ભગવાનનાં જ દર્શન કરીને પૂજે છે. ત્યાર બાદ તો સ્વામીજી મહારાજાના મહેમાન બનેલ, અને તેમના નિવાસ દરમ્યાન તેમણે અનેકનાં જીવન પરિવર્તન કરેલ.

ત્યાર બાદ જયપુર, અજમેરની યાત્રા કરીને સ્વામીજી ખેતડી આવેલ. ખેતડીની રાજ્યસભાના પંડિત શ્રી નારાયણદાસ મોટા વૈયાકરણી હતા. સ્વામીજીએ પતંજલિનું યોગશાસ્ત્ર અને પાણિનિનાં સૂત્રોનો અધૂરો રહેલો અભ્યાસ તેમની પાસે પૂરો કર્યો. ખેતડીના મહારાજા સ્વામીજીના પરમ ભક્ત બન્યા. તે એટલે સુધી કે સ્વામીજીની અનિચ્છા છતાં મહારાજા પગચંપી પણ કરતા. જ્યારે સ્વામીજીને લાગ્યું કે હવે તેઓ ખેતડીની 'માયા'માં બંધાઈ જશે ત્યારે ખેતડીનો ત્યાગ કરીને ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

ગુજરાતમાં અમદાવાદ ખાતે મંદિરો અને મસ્જિદોથી

ભરેલાં શહેરોને જોઈને સ્વામીજીને આનંદ થતો. ત્યાંના નિવાસ દરમિયાન જૈન પંડિતો પાસેથી તેમણે જૈન ધર્મનો ઊંડો અભ્યાસ કર્યો. ત્યાંથી વઢવાણ થઈને સ્વામીજી લીમડી આવી પહોંચ્યા. મુસાફરીના પરિશ્રમથી એ થાકી ગયા હતા, એટલે શહેરની બહાર એક સાધુની જગ્યામાં એમણે ઉતારો રાખ્યો. આવીને રહ્યા બાદ તેમને ખબર પડી કે તેઓ ચબરાક વામમાર્ગી બાવાઓના અડ્ડામાં ફસાયા છે. સ્વામીજીની સમયસૂચકતાએ લીમડીના ઠાકોરસાહેબે તેમને ત્યાંથી છોડાવીને પોતાના મહેલમાં જ ઉતારો આપેલ. લીમડીથી ભાવનગર, શિહોર થઈને સ્વામીજી જૂનાગઢ આવેલ. જૂનાગઢના દીવાનસાહેબ પણ સ્વામીજીના અનન્ય ભક્ત બની ગયેલ, પરંતુ ગિરનારનું આકર્ષણ સ્વામીજીને ગુફાનિવાસ તરફ દોરી ગયું, અને અનેક દિવસો તેઓએ એ કઠિન સાધના માટે ગુફામાં ગાળેલ. જૂનાગઢથી ભૂજ, નારાયણ સરોવર, જાડેજાની કુલદેવી આશાપુરા વગેરે જોઈને સ્વામીજી સોમનાથ પ્રભાસપાટણ તરફ પર્યટને પણ ગયેલા, અને ત્યાંથી પોરબંદર આવેલ. પોરબંદરમાં સ્વામીજીએ અગિયાર માસ ગાળ્યા. એ વખતના રાજ્યના એડમિનિસ્ટ્રેટર શ્રી શંકર પાંડુરંગ પંડિત સાથે સ્વામીજીની સારી મૈત્રી જામી. પતંજલિના મહાભાષ્યનો અભ્યાસ એમણે ત્યાં પૂરો કર્યો. પંડિતજીના કહેવાથી ફ્રેન્ચ ભાષાનો અભ્યાસ પણ સ્વામીજીએ પોરબંદરમાં કરેલ. પોરબંદરથી વિદાય વેળાએ સ્વામીજીના અંતરનો પડઘો પાડતા હોય તેમ

પંડિતજીએ કહ્યું : "સ્વામીજી ! લાગે છે કે આ દેશમાં તમારી કિંમત થશે નહીં, તમારે પશ્ચિમના દેશોમાં જવું જોઈએ. ત્યાંના લોકો તમને સમજી શકશે અને તમારી કદર કરશે. ખરેખર ! પશ્ચિમમાં સનાતન ધર્મનો પ્રચાર કરીને તમે ત્યાંની સંસ્કૃતિ ઉપર ઘણો પ્રકાશ નાખી શકશો." આમ શ્રી પંડિતે સ્વામીજીના પશ્ચિમમાં જવાના વિચારનું બીજારોપણ કર્યું. ભૂમિ અનુકૂળ હતી અને આગળ જતાં એ બીજમાંથી મહાવૃક્ષ થયું.

પોરબંદરથી દ્વારકા, કચ્છ-માંડવી, ભૂજ થઈને શત્રુંજયનાં જૈન મંદિરોનાં દર્શન કરી પાલિતાણાથી સ્વામીજી વડોદરા આવેલ. વડોદરામાં દીવાન બહાદુર મણિભાઈ જશભાઈના અતિથિ બનીને સ્વામીજી થોડો વખત ત્યાં રોકાયેલા. વડોદરાથી સ્વામીજી ઇંદોર આવેલ. જૂનાગઢ અને પોરબંદરમાં તેમણે શિકાગોમાં ભરાવાની ધર્મપરિષદ વિશે સાંભળ્યું હતું, પરંતુ ત્યાં હાજરી આપવાનો એમનો સંકલ્પ પ્રથમ વાર ઇંદોરમાં પ્રગટ થયો. ત્યાર બાદ ખંડવાથી સ્વામીજીએ મુંબઈ, પૂના, કોલ્હાપુર, બેલગામ, આર્માગોગા બાદ દક્ષિણ ભારતનો પ્રવાસ કરવા મૈસૂર રાજ્યમાં પ્રવેશ કર્યો. સ્વામીજી બેંગલોર આવી પહોંચ્યા.

ત્યાર બાદ સ્વામીજી કોચીન, ત્રિચુર, ત્રાવણકોર, ત્રિવેન્દ્રમની યાત્રા કરી આખરે મદુરા, રામેશ્વર થઈને કન્યાકુમારી આવી પહોંચ્યા. કન્યાકુમારીમાં, ભારતીય ખડકની

શિલા ઉપર બેસીને તેમણે એક યોજના ઘડી કાઢી. ભારતની વિકટ ગરીબીમાંથી લોકોના ઉદ્ધાર માટે સહાય મેળવવા સાગરયાત્રા કરવાનો નિર્ણય કર્યો. ભારતના કરોડો દરિદ્ર-નારાયણોને માટે અમેરિકા જઈ, ભારતની નવરચના કરવાનો સંકલ્પ કર્યો. અશ્રુપૂર્ણ નજરે તેઓ સાગરને નિહાળી રહ્યા હતા, ત્યારે એમણે હૃદયમાં શ્રી ગુરુ અને જગદંબાને જોયાં. એમના જીવનની આ એક ધન્ય પળ હતી.

જે શિલા ઉપર સ્વામીજીને આ દર્શન થયું તે શિલા આજે 'વિવેકાનંદ શિલા' તરીકે ઓળખાય છે.

# ૯. અમેરિકાને પંથે અને વિશ્વધર્મપરિષદ

કન્યાકુમારીથી પાછા ફરતાં પોંડીચેરી, સિકંદરાબાદ, હૈદરાબાદ, મદ્રાસ થઈને પાછા સ્વામીજીએ ખેતડી અને જયપુરનો પ્રવાસ ખેડેલ. આ યાત્રા દરમિયાન ઈશ્વર તેમની કેટલી સંભાળ રાખે છે, તેની તેમને વારંવાર પ્રતીતિ થયેલ. એક વખત તો તેઓ પાસે યાત્રામાં પાણી પીવા માટે પણ ખર્ચ કરવા પૈસા ન હતા. ત્યારે રેલના ડબ્બામાં બેઠેલા યાત્રીઓએ તેમની ઠેકડી ઉડાડેલી પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે બીજા સ્ટેશને કોઈ અજાણ્યા માણસે આવીને તેમને પૂરી, શાક અને મીઠાઈનું ભોજન પ્રેમથી કરાવેલ. તે માણસે કહેલું કે બપોરે ભોજન પછી હું જરા આડો પડેલ ત્યાં મને આપને ભોજન કરાવવા સંબંધી શ્રી રામજીએ સ્વપ્નમાં સૂચના આપેલ, પરંતુ મેં ધારેલું કે આ તો સ્વપ્ન છે, તેથી પાછો સૂઈ ગયો. પણ પરમકૃપાળુ શ્રીરામજીએ ધક્કો મારીને ઉઠાડેલ, તેથી સીધો દોડીને અહીં આવ્યો છું. મશ્કરી કરનાર મુસાફરો તો આ જોઈને દિંગ જ થઈ ગયેલા.

જયપુરથી મહારાજાએ પોતાના અંગત મંત્રીને સ્વામીજી સાથે મુંબઈ સુધી મોકલ્યા અને વિદેશપ્રવાસ માટે જરૂરી સામગ્રી ખરીદી આપવાની એને આજ્ઞા આપી. સ્વામીજીને વિદાય આપવા મદ્રાસથી સાલાસિંગા પેરુમલ પણ આવી

પહોંચ્યા હતા. ખેતડી મહારાજાની સૂચના પ્રમાણે મુનશી જગમોહનલાલે સ્વામીજીને યોગ્ય કપડાં લઈ આપ્યાં. એમને માટે પી. એન્ડ ઓ. કંપનીની સ્ટીમર 'પેનિન્સ્યુલર'માં પ્રથમ વર્ગની ટિકિટ પણ કઢાવી આપી હતી.

આખરે ૩૧મી મે, ૧૮૯૩નો એ યાદગાર દિવસ આવ્યો. રેશમી ઝભ્ભો અને રેશમી સાફામાં સજ્જ થયેલા સ્વામીજી ખરેખર કોઈ રાજવંશી પુરુષ જેવા જ દેખાતા હતા. એમને મૂકવા આવેલ સૌ સજળ નેત્રે એમને પગે પડેલ, પણ ધીમે ધીમે ભારતનો કિનારો અદૃશ્ય થતો જોતાં સ્વામીજીની આંખોમાં પણ આંસુ ઊભરાઈ આવેલ.

સ્વામીજીને લઈને સ્ટીમર કોલંબો, સિંગાપુર, હોંગકોંગ, થઈને જાપાન પહોંચી. આ તમામ સ્થળોના બૌદ્ધ મઠો અને સ્થાપત્યનું સ્વામીજીએ બારીકાઈથી નિરીક્ષણ કર્યું. આ સઘળું જોઈને સદૈવ તેમને ભારતના યુવાનો યાદ આવતા. તેઓએ જાપાનથી લખેલા પત્રમાં લખ્યું છે: "ઓ યુવાનો! તમે લોકો કેવા છો? ભારતની બહાર આવો, મર્દ બનો. તમારી સંકુચિત સૃષ્ટિમાંથી બહાર આવી ચોતરફ દૃષ્ટિ ફેરવો. બીજી પ્રજાઓ કેવી રીતે વિકાસ સાધે છે તે જુઓ. શું તમે મનુષ્યને ચાહો છો? તમે તમારા દેશને ચાહો છો? જો ચાહતા હો તો આવો; ચાલો આપણે ઉચ્ચતર અને વધુ ઉન્નત વસ્તુ તરફ પ્રયાણ કરવા, પાછળ જોયા વગર, આગળ દૃષ્ટિ રાખીને જ આગળ વધતા

"ભારતવર્ષના પુનરુદ્ધાર માટે તેના એક હજાર નવ-યુવાનોનું બલિદાન જોઈએ છે. મુડદાંઓનું નહીં, મર્દોનું!" ... આ પત્ર કહી જાય છે કે સ્વામીજીના વિચારો કઈ દિશામાં કાર્ય કરી રહ્યા હતા.

યોકોહામાથી સ્ટીમર વેન્કુંવર પહોંચી ત્યાર બાદ ગરમ કપડાંના અભાવે એમને ખૂબ હેરાન થવું પડયું. વેન્કુંવરથી ત્રણ દિવસની ટ્રેનની મુસાફરી પછી એ શિકાગો પહોંચ્યા. અહીં એમના પૈસા પાણીની જેમ વપરાતા હતા; અને મૂળથી જ મર્યાદિત રકમ હતી તે પણ ખૂટવા માંડી હતી. એ દેશ જ ખર્ચાળ હતો, અને બાળક જેવા ભોળા સ્વામીજીને અજાણ્યા જાણીને મજૂરો અને વીશીવાળાઓ ખંખેરવા જ મંડી પડયા હતા. સ્વામીજીનો વિચિત્ર વેશ સૌનું ધ્યાન ખેંચતો અને પોતાની ઇચ્છા વિરુદ્ધનું પરિગ્રહી જીવન તેમની માનસિક સ્થિતિમાં પારાવાર વિટંબણા ઉત્પન્ન કરતું. શિકાગોના વિશ્વપ્રદર્શનની મુલાકાતે તેઓ ગયા તેના બીજા દિવસે વર્તમાનપત્રોએ તેમને ખરેખર સાતમે આસમાને ચડાવ્યા. આ દરમિયાન તપાસ કરતાં જણાયું હતું કે વિશ્વ-ધર્મપરિષદ તો સપ્ટેમ્બરના બીજા અઠવાડિયામાં ભરાશે. પોતાની પાસે ઓળખપત્ર પણ ન હતું. અધૂરામાં પૂરું પ્રતિનિધિત્વ નોંધાવવા માટેની તારીખ પણ ચાલી ગઈ હતી. હજી જુલાઈ માસ અર્ધો જ ગયો હતો. નાણાં ક્યાંથી કાઢવાં તે ચિંતા પણ હતી. આટઆટલી હાડમારીઓ ભોગવીને ઠેઠ અમેરિકા આવ્યો એનું પરિણામ શું શૂન્યમાં

આવશે ? તેમને પોતાની જાત ઉપર અને જે મદ્રાસી શિષ્યોએ તેમને અહીં મોકલેલ તે સૌ ઉપર ખૂબ જ ગુસ્સો આવતો. ત્યારે કોઈએ સલાહ આપી કે શિકાગો કરતાં બોસ્ટનમાં રહેવાથી ખર્ચ ઓછું આવશે; એટલે એ બોસ્ટન જવા ઊપડ્યા. વિધિની લીલા ખરેખર અકળ છે, કારણ કે ટ્રેનમાં એમના જ ડબ્બામાં બેસીને મુસાફરી કરતી એક વૃદ્ધ બાઈનો એમને પરિચય થયો. બોસ્ટન પાસેના એક ગામમાં રહેતી આ બાઈના આમંત્રણને સ્વીકારીને સ્વામીજીએ 'બ્રિઝી મેડોઝ' નામના એક સુંદર મકાનમાં ઉતારો કર્યો. ધર્મ પરિષદ તો સપ્ટેમ્બરની ૧૧મીએ શરૂ થઈ, પરંતુ ત્યાં સુધીના ગાળામાં સ્વામીજીએ આસપાસનાં સ્થળોમાં નાનાં નાનાં મંડળો સમક્ષ પ્રવચનો આપ્યાં હતાં. એ વખતનાં વર્તમાનપત્રોમાં એમના વિશે જે અહેવાલો છપાયા છે તે ઉપરથી ખબર પડે છે કે એમને શરૂઆતમાં એ બાજુના લોકો એક હિંદી રાજા તરીકે ઓળખવા લાગ્યા હતા. આ બાઈએ જ એમને સલાહ આપેલી કે અમેરિકન ઢબનાં કપડાં ખરીદી લેવાથી અમેરિકન સમાજમાં વધુ આસાનીથી ભળી શકાશે. હવે ધીરે ધીરે સ્વામીજીને માથેથી વિપત્તિનાં વાદળો વિખેરાવા માંડચાં હતાં. મિસ સેનબોર્ન દ્વારા એમને હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર જે. એચ. રાઇટનો પરિચય થયો. ચાર કલાક સુધી એમણે એ પ્રોફેસર સાથે વિવિધ વિષયો ઉપર ચર્ચા કરી. ધર્મપરિષદમાં હાજરી આપવાની આશા છોડી બેઠેલા સ્વામીજી માટે આ મુલાકાત

ઐતિહાસિક નીવડી. સ્વામીજીના જ્ઞાનભંડારથી મુગ્ધ થઈ ગયેલા પ્રોફેસરે ભારપૂર્વક જાહેર કર્યું કે આવા પુરુષે ત્યાં હાજરી આપવી જ જોઈએ. તેમણે સ્વામીજીને શિકાગો પહોંચવા સુધીનું ભાડું આપ્યું અને કમિટી ઉપર ભલામણપત્રો પણ લખી આપ્યાં. પરંતુ શિકાગો પહોંચ્યા ત્યારે રાત પડવા આવી હતી અને અધૂરામાં પૂરું સ્વામીજી પાસે ઑફિસનું જે સરનામું હતું તે પણ ખોવાઈ ગયું હતું! એમણે એક સાચા સંન્યાસીને છાજે એવી રીતે ભારતની પેઠે બારણે બારણે ભિક્ષા માંગવાનું અને ધર્મસભાની કમિટીની ઑફિસ શોધી કાઢવાનું શરૂ કર્યું. પરંતુ ધૂળથી મેલાં થયેલાં કપડાં, અને મુસાફરીને અંગે થાકેલા ચહેરાને લીધે એમને ખૂબ જ કડવા અનુભવો થયા. કોઈએ તોછડાઈ દાખવી, તો કોઈએ અપમાન કર્યું. આખરે અકળાઈ ગયેલા સ્વામીજીએ એક મોટા લાકડાના ખોખામાં પેસીને કડકડતી ઠંડીમાં રાત પસાર કરી. જીવનમાં અમુક વસ્તુઓ નાટકીય ઢબે બનતી હોય છે. સ્વામીજીના આશ્ચર્ય વચ્ચે સામેના મોટા મકાનનું બારણું ઊઘડ્યું. એક પ્રભાવશાળી બાઈએ અત્યંત સંસ્કારી અને મૃદુ સ્વરે પૂછ્યું: “સાહેબ! શું આપ ધર્મપરિષદના પ્રતિનિધિ છો?” સ્વામીજીએ હા કહીને મુશ્કેલીઓ રજૂ કરી, ત્યારે એ બહેને તરત જ એમને પોતાના ઘરમાં આવવાનું કહ્યું અને એમને એક ખંડમાં લઈ જવાની અને એમને બધી સગવડો આપવાની નોકરોને આજ્ઞા કરી. સ્વામીજી નાસ્તો કરી લે એટલે પોતે જાતે પરિષદની ઑફિસમાં

લઈ જશે એવું પણ બાઈએ કહ્યું. ખરે વખતે આમ ઈશ્વરે એમને મદદ મોકલી. એ ભલાં બાઈનું નામ મિસિસ જ્યોર્જ ડબલ્યુ હેલ. પછી તો એમનું આખું કુટુંબ સ્વામીજી સાથે સ્નેહગાંઠથી બંધાયું. હવે રસ્તો સરળ બની ગયો હતો. ઈશ્વર અનુકંપાની સ્વામીજીને પ્રતીતિ થઈ રહી હતી. પરિષદના પ્રતિનિધિ તરીકે તેમને સ્વીકારવામાં આવેલ, તદુપરાંત પૂર્વના અન્ય પ્રતિનિધિઓ સાથે એમને ઉતારો પણ આપવામાં આવેલ. એમણે અમેરિકામાં પગ મૂક્યો ત્યારથી માંડીને આ ધર્મપરિષદમાં આવ્યા ત્યાં સુધીમાં એમણે અગિયાર ભાષણો આપ્યાં હતાં, અને અમેરિકન જીવનની વિવિધ બાજુઓ પણ જોઈ લીધી હતી. આવી રહેલા મહાન પ્રસંગ માટે આટલી તૈયારી પૂરતી હતી.

આખરે, શિકાગોની આર્ટ ઇન્સ્ટિટ્યૂટના વિશાળ મકાનમાં, 'હોલ ઑફ કોલંબસ' તરીકે ઓળખાતા વિશાળ ખંડમાં, સને ૧૮૯૩ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખે સવારે દસ વાગ્યે એ વિશ્વ ધર્મપરિષદનું વિધિપૂર્વક ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ચાર હજાર પ્રતિષ્ઠિત પ્રેક્ષકો, કબૂતરની પાંખોનો ફફડાટ પણ સંભળાય એવી ગંભીર શાંતિમાં, પોતાની સામે આવેલી વિશાળ વ્યાસપીઠ ઉપર પ્રતિનિધિઓ ક્યારે આવશે તેની રાહ જોતા બેસી રહ્યા હતા. શ્રીયુત બોની અને પ્રમુખ કાર્ડિનલ ગિબન્સની આગેવાની નીચે બબ્બેની હારમાં પ્રતિનિધિઓ આવતાંની સાથે જ પ્રેક્ષકોએ તેમને સૌને હર્ષનાદોથી વધાવ્યા. પરિષદના પ્રથમ દિવસની પ્રથમ બેઠકનો પ્રારંભ

સામૂહિક પ્રાર્થના, બાદ પરિચય અને સ્વાગત પ્રવચનો ઉપરાંત આઠ વક્તાઓનાં ટૂંકાં નિવેદનો થયાં. સ્વામીજીનું નામ સવારની સભામાં બોલાયું હતું, પરંતુ, 'હમણાં નહીં', 'હમણાં નહીં' એવો જવાબ આપીને એમણે સવારની બેઠક તો એમ જ જવા દીધી. બપોરની બેઠકમાં ચાર પ્રતિનિધિઓ બોલી ગયા પછી એ આખરે બોલવા માટે ઊભા થયા. બીજા પ્રતિનિધિઓ તો તૈયાર કરેલાં ભાષણો વાંચી ગયા હતા, પરંતુ સ્વામીજીએ એવું કશું કર્યું ન હતું. આમ છતાંય એમના હૃદયના ઊંડાણમાંથી જે વાણી બહાર આવી તેનાથી આખી સભાએ જાણે આંચકો અનુભવ્યો. ડૉ. બેરોઝે પરિચય આપ્યો અને પછી સ્વામીજીએ દેવી સરસ્વતીની સ્તુતિ કરીને શરૂઆત કરી: "અમેરિકાનાં મારાં બહેનો અને ભાઈઓ....!" અને સ્વામીજી આગળ વધે તે પહેલાં જ એ આખી સભાએ તાળીઓના ગડગડાટથી એમના એ શબ્દોને વધાવી લીધા. સ્વામીજીના એ શબ્દો કેવળ ઔપચારિક નહોતા, એની પાછળ એમની હૃદયની લાગણીનું બળ હતું. બે મિનિટ સુધી સભાએ હર્ષનાદો ચાલુ રાખ્યા. સ્વામીજી ખરેખર મૂંઝાઈ ગયા અને શાંતિ સ્થપાઈ ત્યારે જ વ્યાખ્યાન શરૂ કરી શક્યા.

અને એ સાથે ગઈ કાલનો એ અજ્ઞાત પરિવ્રાજક થોડા જ વખતમાં વિશ્વવિખ્યાત મહાપુરુષ બની ગયો. વિશ્વધર્મપરિષદ જો એક અપૂર્વ ઘટના હતી, તો એની વ્યાસપીઠ ઉપરથી પૂર્વના સંન્યાસીની ઉદ્ઘોષણા એ

બીજી અપૂર્વ ઘટના હતી. ફક્ત ત્રીસ વર્ષની નાની વયનો એ અકિંચન સંન્યાસી જગદ્‌ગુરુની કોટિમાં આવી ગયો. જે શિકાગો શહેરમાં એણે કષ્ટ અને હાડમારીઓ વેઠી હતી તે જ શિકાગો શહેરમાં હવે એમનાં દર્શન માટે પડાપડી થવા લાગી! શેરીએ શેરીએ અને રસ્તે રસ્તે સ્વામીજીનાં મોટાં ચિત્રો ચોંટાડવામાં આવ્યાં; એની નીચે 'સ્વામી વિવેકાનંદ' એટલા જ શબ્દો લખાતા. કેટલાયે લોકો આવતાજતા અને એમનાં ચિત્રો આગળ ટોપી ઉતારી માથું નમાવીને વંદન કરતા દેખાતા. વર્તમાન-પત્રોની કટારોમાં એમના વિશે અનેક લેખો ચમકવા લાગ્યા. એમનાં વ્યાખ્યાનો અને વ્યક્તિત્વ વિશે પ્રશંસા-પૂર્ણ લખાણોની તો એક મોટી પરંપરા ચાલી.

સુવિખ્યાત 'ધી ન્યૂયોર્ક હેરોલ્ડ' પત્રે લખ્યું:

"સ્વામી વિવેકાનંદ વિશ્વધર્મપરિષદની સૌથી મહાન વ્યક્તિ છે, એમાં શંકા નથી. એમનું વ્યાખ્યાન સાંભળ્યા પછી એમ લાગે છે કે આવી સુશિક્ષિત પ્રજા માટે મિશનરીઓને મોકલવા એ કેટલું મૂર્ખાઈભર્યું છે!"

વિશ્વધર્મપરિષદની વિજ્ઞાનશાખાના પ્રમુખ ઓનરેબલ મેરવિન મેરી સ્નેલે લખ્યું: "ધર્મપરિષદ ઉપર તેમ જ મોટા ભાગના અમેરિકન લોકો ઉપર હિન્દુ ધર્મના જેટલો ઊંડો પ્રભાવ બીજા કોઈ ધર્મે પાડ્યો નથી ...અને તેમાં પણ, હિન્દુ ધર્મના સૌથી વિશેષ અગત્યના અને લાક્ષણિક પ્રતિનિધિ સ્વામી વિવેકાનંદ હતા;

હકીકતની દૃષ્ટિએ તો, ધર્મપરિષદમાં સૌથી વધુ પ્રિય અને પ્રભાવશાળી પુરુષ એ જ હતા એમાં શંકા નથી. પરિષદના મંચ ઉપર, તેમ જ જેના પ્રમુખ થવાનું મને માન મળ્યું હતું એ વિજ્ઞાનશાખાના મંચ ઉપર એમણે ઘણી વાર વ્યાખ્યાનો આપેલાં; અને બધા પ્રસંગોએ કોઈ પણ ખ્રિસ્તી કે બિનખ્રિસ્તી વક્તા કરતાં વધુ ઉત્સાહથી એમને વધાવી લેવામાં આવતા હતા. એ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં લોકો એમની આજુબાજુ ટોળે વળતા અને એમનો શબ્દેશબ્દ આતુરતાપૂર્વક સાંભળતા હતા. . . હડહડતા રૂઢિચુસ્ત ખ્રિસ્તીઓ પણ એમને વિશે કહે છે, "ખરેખર એ એક મહાન વ્યક્તિ છે."

સ્વામીજીની અદ્ભુત સફળતાના સમાચારો ભારતવાસીઓનાં હૈયાંને પુલકિત કરી રહ્યા હતા. વિશ્વપરિષદ પછી સ્વામીજી પોતે જ પોતાના ગુરુભાઈઓને પત્ર લખતા. એમના સૌના આનંદનો પાર ન રહ્યો. આમ ભારતના આ તેજસ્વી સપૂતે અસાધારણ સફળતા મેળવીને હિંદુ ધર્મની પતાકા પશ્ચિમમાં ફરકાવી.

એવી અનેક સભાઓને કારણે સ્વામીજીનું નામ ભારતભરમાં ગાજતું થઈ ગયું. આધુનિક ભારતમાં નવા આચાર્યનો ઉદય થયો છે એવી ઘોષણા અનેક વક્તાઓએ અનેક સભાઓમાં કરી. ભારતના ઉદ્ધારનું નવું પ્રસ્થાન થઈ રહ્યાનો માર્ગ હવે સાંપડતો જાય છે, એવું ભારતવાસીઓને જણાવા લાગ્યું.

## ૭. ભારતમાં પુનરાગમન

વિશ્વધર્મપરિષદની પૂર્ણાહુતિ પછી સ્વામીજી શિકાગો-માં બે માસ રહેલા. ત્યાર બાદ આજુબાજુનાં ઘણાં શહેરોમાં એમનાં વ્યાખ્યાનો ગોઠવાયેલાં. સ્વામીજી વ્યાખ્યાન-પ્રવાસ ખેડતા ત્યારે અનેક પ્રકારના અનુભવોમાંથી એમને પસાર થવું પડતું. એક વખત જ્યારે તેઓ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ 'હિંદુ ફિલસૂફી' ઉપર વ્યાખ્યાન કરી રહ્યા હતા ત્યારે તેમણે કહ્યું: "જેણે સર્વોત્તમ સત્યનો સાક્ષાત્કાર કર્યો છે તે બધી પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ રહી શકે છે અને બહારની અસરોથી ચલિત થતો નથી." સ્વામીજીના આ શબ્દોની પરીક્ષા કરી જોવાના નિર્ણયથી થોડા વિદ્યાર્થીઓએ રબારીઓનો વેશ ધારણ કર્યો અને પોતાના ગામમાં વ્યાખ્યાન આપવાનું એમને આમંત્રણ આપ્યું. જ્યારે સ્વામીજી ત્યાં જઈ પહોંચ્યા, ત્યારે તેમણે ગામના ચોકમાં લાકડાનું એક પીપ ઊંધું વાળીને વ્યાસપીઠ જેવું બનાવ્યું. એના ઉપર ઊભા રહીને સ્વામીજીએ વ્યાખ્યાનની શરૂઆત કરી. સ્વામીજી તો તરત જ વ્યાખ્યા-નના વિષયમાં મગ્ન થઈ ગયા. અચાનક કાન ફોડી નાખે, એવા બંદૂકના બાર થવા લાગ્યા; સનનન. . . કરતી ગોળીઓ

એમના કાન પાસેથી પસાર થવા લાગી; પરંતુ એક સ્થિતપ્રજ્ઞને છાજે એ રીતે એ તો વ્યાખ્યાન આપતા જ રહ્યા! જાણે કશું બન્યું જ નથી! વ્યાખ્યાન પૂરું થયું. પેલા રબારીઓ એમની આસપાસ ફરી વળ્યા અને શાબાશી આપતાં કહેવા લાગ્યા: "જણુ ખરો!"

ઈ. સ. ૧૮૯૪ના અરસામાં સ્વામીજીએ જે વ્યાખ્યાનો આપ્યાં તેમાં મુખ્ય સૂર દેશભક્તિનો હતો. આ હકીકત ત્યાંના વિચક્ષણ પત્રકારોએ તરત જ ધ્યાનમાં લીધી. એક જણે લખ્યું: "એમની દેશદાઝ અત્યંત તીવ્ર છે. જે રીતે એ 'મારો દેશ' એ શબ્દો ઉચ્ચારે છે તે અત્યંત હૃદય-સ્પર્શી છે. કેવળ એટલા જ શબ્દો એમને માત્ર એક સંન્યાસી તરીકે નહીં, પરંતુ પોતાના દેશભાઈઓના આત્મીય જન તરીકે પ્રગટ કરી દે છે."

આમ સાડા ત્રણ વર્ષ સુધી અમેરિકા, ઈંગ્લંડનો પ્રવાસ ખેડયા બાદ યુરોપના દેશોની યાત્રા કરતાં સ્વામીજી થોડા શિષ્યસમુદાય સાથે ભારત પાછા ફર્યાં. કોલંબો ખાતે સ્વામીજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. તા. ૧૬મી જાન્યુઆરીની સાંજે ત્યાંના ફ્લોરલ હોલમાં એમણે 'પુણ્ય-ભૂમિ ભારતવર્ષ' ઉપર એક સુંદર વ્યાખ્યાન આપ્યું. પશ્ચિમથી પાછા આવ્યા પછી એ પ્રથમ વ્યાખ્યાન હતું. કોલંબોમાં ઠેરઠેર હજારોની મેદની સમક્ષ સ્વામીજીએ પ્રવચનો કર્યાં, અને સ્વામીજીને અનેક સન્માનપત્રોથી નવાજવામાં આવ્યા. એનો ઉત્તર આપતાં સ્વામીજી

બોલ્યા : "એક ભિક્ષુક સંન્યાસીને જે ભવ્ય માન હિંદુઓએ આપ્યું છે તેનાથી એ લોકોની આધ્યાત્મિકતા પ્રગટ થઈ રહી છે." એમણે સ્પષ્ટ કર્યું કે પોતે કોઈ મહાન રાજ-પુરુષ, સેનાપતિ કે કરોડપતિ નથી, પરંતુ એક અકિંચન સંન્યાસી છે. એટલે આ માન એક વ્યક્તિને નહીં, પરંતુ એની પાછળ રહેલી ભાવનાને અપાય છે.

સિલોનનો પ્રવાસ પૂરો કરી સ્વામીજી પમ્બાન આવ્યા, ત્યાં રામનદના રાજા ભાસ્કર સેતુપતિએ સ્વામીજીનું સ્વાગત કરેલ. સ્વામીજીને નક્કી કરેલા રાજમહેલમાં લઈ જવા માટે ગાડી તૈયાર હતી, પણ રાજાસાહેબના આદેશથી ઘોડા છોડી નાખવામાં આવ્યા અને રાજાસાહેબ પોતે તથા અન્ય લોકો ગાડી ખેંચવા લાગ્યા. એ રીતે સ્વામીજીની ગાડી શહેરના માર્ગો ઉપર ફરીને ઉતારે આવી.

બીજે દિવસે સ્વામીજી રામેશ્વરનાં દર્શને ગયા. ત્યાં કરેલા વ્યાખ્યાનમાં એમણે ઉચ્ચારેલી વાણી – "દીન, દુર્બળ અને રોગીમાં વસતા શિવનું પૂજન કરો" – થી રામનંદન રાજા એવા પ્રભાવિત થઈ ગયા કે બીજે જ દિવસે એમણે હજારો દરિદ્રનારાયણોને અન્નવસ્ત્રો આપીને સંતુષ્ટ કર્યાં.

ત્યાંથી સ્વામીજી મદ્રાસ જવા રવાના થયા. માર્ગમાં લોકો ટ્રેનના પાટા ઉપર સૂઈ જઈને ટ્રેનને રોકીને સ્વામીજીનો જય જયકાર બોલાવતા. સ્વામીજીનો સત્કાર કરવા મદ્રાસ પણ થનગની રહ્યું હતું. જાહેર માર્ગોને ખૂબ

શણગારવામાં આવ્યા હતા. ઠેકઠેકાણે કમાનો ઊભી કરવામાં આવી હતી. 'પૂજ્ય વિવેકાનંદ ઘણું જીવો!', 'પ્રભુના સેવક ભલે પધાર્યા!', 'પ્રાચીન ઋષિવરોના સેવકને વધાવીએ છીએ', 'પધારો શાંતિદૂત!', 'પધારો, માનવદેવ!' લખેલાં સ્વાગતસૂત્રોનાં અનેક પાટિયાં શોભી રહ્યાં હતાં. તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ સવારે હજારો લોકો મદ્રાસના સ્ટેશન ઉપર ઊમટી પડયા. એમનો ઉત્સાહ અપૂર્વ હતો. ગગનભેદી નાદથી સૌએ સ્વામીજીને વધાવી લીધા. સ્વામીજી નીચે ઊતર્યાં અને ઘોડાગાડીમાં બેઠા. મદ્રાસના નાગરિકોએ એમની ગાડીને ખેંચવા માંડી. સરઘસ એ રીતે આગળ વધ્યું. આજે કોઈ અનોખા પ્રકારના સેનાનીને – લોક-હૃદયના વિજેતાને – જનતા સન્માની રહી હતી; એ દૃશ્ય ખરેખર અપૂર્વ હતું.

સ્વામી વિવેકાનંદ ભારત આવી પહોંચ્યા છે એ સમાચાર જાણીને બંગાળભરમાં ઉત્સાહ અને આનંદનું મોજું ફરી વળ્યું હતું. સ્વામીજીને પણ કલકત્તામાં પાછા ફરવાનો આનંદ અપૂર્વ હતો. મદ્રાસથી કલકત્તા સ્ટીમર રસ્તે જવાનું નક્કી કર્યું. ખદિરપુર ડૉક પરથી સ્વામીજીને શિયાલદા સ્ટેશને લઈ જવા સ્પેશિયલ ટ્રેન તૈયાર હતી. શિયાલદા સ્ટેશન ઉપર હજારો લોકોએ જયધ્વનિથી સ્વામીજીને વધાવી લીધા. ભીડ એટલી બધી ભારે હતી કે સ્વામીજી તથા એમના સાથીઓ મહામુશ્કેલીથી સ્ટેશન બહાર જઈ શકયા. ફૂલહારોથી એ ઢંકાઈ ગયા અને લોકલાગણીના આ પ્રચંડ ઊભરાથી એમનું હૈયું ભરાઈ આવ્યું.

પરંતુ પશ્ચિમની સફળ વિજયયાત્રા કે ભારતમાં લોકપ્રતિષ્ઠાની પ્રાપ્તિ પછી સ્વામીજીનું કાર્ય સરળ બની ગયું એમ પણ નથી. એમના જીવનનું મોટું કાર્ય તો હવે થવાનું હતું, એ કાર્ય શું હતું? ગંગાયમુનાનાં પાણીની પેઠે જે દેશમાં હજારો વર્ષોથી અમુક વિચારપ્રવાહો વહેતા આવ્યા છે તેમને નવો વળાંક આપવો એ કાર્ય ઘણું મુશ્કેલ હતું. સ્વામીજીને એ કાર્ય કરવું પડ્યું; અને પોતાના આ નૂતન વિચારો માટે એમને પોતાના ગુરુભાઈઓ સાથે પણ સંઘર્ષ ઊભો થયો. સ્વામીજીના ગુરુભાઈઓના ધર્મ-વિચારનો મૂળ હેતુ 'રાષ્ટ્ર'નું નહીં પરંતુ 'વ્યક્તિ'નું ગૌરવ એ હતો. મઠમાં રહેતા એ સંન્યાસીઓનો આદર્શ મુક્તિ, અને ઈશ્વર-સાક્ષાત્કાર હતો. એ માટે કઠિન તપશ્ચર્યા, ધ્યાનાદિ સાધનોનો આશ્રય લઈને જંજાળોથી ભરેલા આ સંસારથી બને તેટલું અલિપ્ત રહેવાનું હતું. હવે તો એ હેતુ જ બદલવાનો હતો; અને વ્યક્તિના ઉદ્ધાર કરતાં દેશબાંધવોની સેવાનું મહત્ત્વ વધારવાનું હતું, એ દુષ્કર કાર્ય સ્વામીજીએ પાર પાડ્યું. એમણે કહ્યું: "યાદ રાખજો કે સંન્યાસીનો જન્મ તો આ જગતમાં 'आत्मनो मोक्षार्थं जगद्धिताय च—' અર્થાત્ આત્માના મોક્ષ માટે અને જગતના હિત માટે— થયો છે. અન્ય લોકોનું ભલું કરવા માટે પોતાના જીવનની આહુતિ આપવી, પોતાના આક્રંદથી આકાશને ભેદી નાખતા લાખો લોકોના દુઃખનું નિવારણ કરવું, વિધવાનાં આંસુ લૂછવાં, સંતાન ખોઈ બેઠેલી માતાને સાંત્વન આપવું, અભણ

અને પદદલિત લોકોને આગળ આવવા માટે સહાય કરવી અને તેમને પગભર કરવા, તમામ લોકોની ભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે કશા ભેદભાવ વગર ઉપદેશ કરવો, જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવીને, તમામ મનુષ્યોના હૃદયમાં રહેલા બ્રહ્મરૂપી સિંહને જગાડવો. આ બધું પાર ઉતારવા માટે સંન્યાસીનો જન્મ થયો છે.

એ જ અરસામાં શ્રીરામકૃષ્ણ પરમહંસની જન્મજયંતીનો શુભ પ્રસંગ રિવાજ પ્રમાણે, એમની સાધનાભૂમિ દક્ષિણેશ્વરમાં ઉજવાયો. ત્યાં એકત્રિત થયેલા ભક્તસમુદાયની એક વિરાટ સભા સમક્ષ એમણે જાહેર કર્યું :

“જુદા જુદા દેશોમાં ભ્રમણ કર્યા પછી હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે કોઈ મહાન અને કાયમી કાર્ય કરવું હોય તો સંઘની સ્થાપના કર્યા વગર ચાલવાનું નથી. પરંતુ ભારત જેવા દેશમાં, હાલને તબક્કે, આ ઢબે ચાલતા સંઘનું નિર્માણ કરવાનું ઉચિત નથી. . . . પશ્ચિમના દેશોની વાત જુદી છે. . . અને આપણા દેશમાં પણ જ્યારે કેળવણીનો વિકાસ થતાં આપણી ત્યાગભાવના ખીલશે અને આપણો દેશ અને પ્રજાના હિત માટે વ્યક્તિગત હિતોની ઉપરવટ જઈ શકીશું, ત્યારે લોકશાહી પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવાનું શક્ય બનશે. આ દૃષ્ટિએ વિચાર કરતાં, અત્યારે તો આપણા સંઘ માટે એક ‘સરમુખત્યાર’ની જરૂર રહેશે; એની આજ્ઞાને દરેક જણે માન્ય કરવાની રહેશે. પછી, યથાકાળે, એ સંઘ સભ્યોના મત પ્રમાણે ચાલશે.

"જેના નામથી અમે સૌ સંન્યાસીઓ બન્યા છીએ, જેને આદર્શ તરીકે સ્વીકારીને આ સંસારમાં તમે સૌ ગૃહસ્થ જીવન ગાળી રહ્યા છો, જેનું પવિત્ર નામ અને જેના અપૂર્વ જીવન અને ઉપદેશોનો પ્રભાવ આ બાર વર્ષોની અંદર જ પૂર્વ તેમ જ પશ્ચિમમાં અભૂતપૂર્વ વેગથી પ્રસરી રહેલ છે, તેમનું નામ આ સંઘ સાથે જોડવામાં આવશે; એટલે આ સંઘનું નામ 'રામકૃષ્ણ મિશન' રહેશે. આપણે ગુરુદેવના દાસ છીએ. તમે સૌ આ કાર્યમાં સહાય આપી રહો."

સૌએ આ દરખાસ્તને વધાવી લીધી અને સને ૧૮૯૭ના મેની પહેલી તારીખે, બલરામબાબુને ઘેર શ્રીરામકૃષ્ણના અંતરંગ શિષ્યો-સંન્યાસીઓ તેમ જ ગૃહસ્થોએ 'ધી રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી. ધ્યેય, કાર્ય, કાર્યપદ્ધતિ વગેરેના ઠરાવો પસાર થયા પછી હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી. સ્વામીજી પોતે સામાન્ય પ્રમુખ થયા અને સ્વામી બ્રહ્માનંદને અને યોગાનંદને અનુક્રમે પ્રમુખ અને ઉપપ્રમુખ બનાવ્યા.

આ મિશન દ્વારા જ અમુક વખત સુધી માનવહિતની તેમ જ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ચાલુ રહી. પરંતુ સને ૧૮૯૯-માં સ્વામીજીએ બેલુડ મઠની સ્થાપના કરી અને સને ૧૯૦૧માં ટ્રસ્ટડીડ કરીને ટ્રસ્ટી મંડળના હાથમાં એનું સંચાલન સોંપી દીધું. મઠનું મુખ્ય ધ્યેય એ હતું કે આત્મ-સાક્ષાત્કાર માટે તેમ જ જનકલ્યાણ માટે સંન્યાસીઓને કેળવવા. આ મઠની સ્થાપના થતાં, રામકૃષ્ણ મિશનનું સ્વતંત્ર અસ્તિત્વ મટી ગયું અને મિશનની પ્રવૃત્તિઓ મઠના કાર્યવાહકોએ ઉપાડી લીધી.

## ૮. અંતિમ દિવસો અને મહાસમાધિ

કલકત્તા આવ્યા પછી સ્વામીજી ઉપર કાર્યનું દબાણ વધતું ચાલ્યું. મેદાનોની ગરમી એમને અસહ્ય થઈ પડી. ડૉક્ટરોએ એમને પૂર્ણ આરામ લેવાની સલાહ આપી. સ્વામીજીને હવાફેરની અત્યંત જરૂર હોવાથી ડૉક્ટરોએ તથા ગુરુભાઈઓએ એમને આલમોડાના આરોગ્ય-પ્રદ વાતાવરણમાં જવાનો આગ્રહ કર્યો.

આલમોડામાં પણ સ્વામીજીને મળવા માટે અનેક જણ આવતા; ધર્મચર્ચા ચાલતી. હવાફેરની એટલી બધી અસર થઈ કે ધાર્યો આરામ ન મળવા છતાં પણ એમનું સ્વાસ્થ્ય ધીમે ધીમે સુધરવા લાગ્યું. ત્યાં સ્વામીજીએ અઢી માસ ગાળ્યા, પરંતુ આરોગ્યમાં નોંધપાત્ર સુધારો થાય તે પૂર્વે જ અનેક આમંત્રણોના દબાણને કારણે તેઓ પંજાબ તથા કાશ્મીરનાં કેટલાંક સ્થળોની મુલાકાતે ઊપડ્યા.

આ યાત્રા અંબાલા, ધરમસાળા, રાવલપિંડી, શ્રીનગર થઈને લાહોર પહોંચેલ. લાહોરમાં જ એમને એક અસાધારણ વ્યક્તિ સાથે મુલાકાત થઈ. એ મહાન વ્યક્તિ તે ત્યાંની કૉલેજના ગણિતશાસ્ત્રના પ્રોફેસર શ્રીયુત તીર્થરામ ગોસ્વામી અને ભવિષ્યના સ્વામી રામતીર્થ. લાહોરથી દહેરાદૂન, દિલ્હી,

અલ્વર, જયપુર, ખેતડી, કિશનગઢ, અજમેર, જોધપુર, ઇન્દોર, ખંડવા વગેરે સ્થળોની મુલાકાત લઈને કલકત્તા તરફ પ્રયાણ કરેલ. આરોગ્ય જોઈએ તેવું સારું ન હતું પરંતુ એમનો ઉત્સાહ તો એવો જ જ્વલંત હતો.

અમેરિકાથી પાછા ફર્યાં બાદ એકાદ વર્ષે એટલે સને ૧૮૯૮ના પ્રારંભના ભાગમાં એમણે ગંગાકાંઠે બેલુડ ગામ પાસે લગભગ પંદર એકર જેટલી જમીન ખરીદી અને એ જ વર્ષે ૯મી ડિસેમ્બરે શ્રીરામકૃષ્ણ મઠની રીતસરની સ્થાપના થઈ.

સ્વામીજી તથા અન્ય સંન્યાસીઓએ એ 'બેલુડ મઠ'માં રહેવાનું શરૂ કર્યું.

આ ઉપરાંત તેમણે આલમોડામાં પણ એક મઠની સ્થાપના કરી.

સને ૧૮૯૮-૯૯ના ગાળામાં સ્વામીજીને દમનો રોગ પીડી રહ્યો હતો. ૧૮૯૮ની ૨૭મી ઓક્ટોબરે ગુરુભાઈઓના આગ્રહથી એમણે પોતાની છાતી તપાસાવી. ડૉ. દત્ત અને અન્ય ડૉક્ટરોએ જાહેર કર્યું કે હવે સ્વામીજીએ સાવચેતી રાખવી પડશે. વધુ પડતું ધ્યાનમાં રહેવાને લીધે એમની ડાબી આંખમાં એક ઠેકાણે લોહીનું ટપકું જામી ગયું હતું. એમને સમાધિમાં વધુ પડતા ડૂબી જતા અટકાવવા માટે હવે ગુરુભાઈઓ સતત પ્રયત્નશીલ રહેતા. તેમને ભય લાગ્યો કે એવી સમાધિથી એ કોઈ

પણ પળે મહાસમાધિમાં જીર્ણ વસ્ત્રની જેમ આ દેહનો ત્યાગ કરશે.

છતાં સ્વાસ્થ્યમાં થોડો સુધારો થતાં સને ૧૮૯૯ના જૂનની ૨૦મી તારીખે ભગિની નિવેદિતા અને સ્વામી તુરીયાનંદને સાથે લઈને સ્વામીજી પશ્ચિમની સફરે ઊપડ્યા. અમેરિકાની આ બીજી મુલાકાત જ્યારે પૂરી થઈ ત્યારે સને ૧૯૦૦નું વર્ષ પૂરું થવા આવ્યું હતું. શ્રીયુત રોમાં રોલાં કહે છે તેમ: "એ પોતાને જાણે કે મહાપ્રસ્થાન માટે જ ભારતમાં પાછા લાવ્યા હતા."

અમેરિકા, પૅરિસ અને યુરોપ પર્યટન પરથી ભારત પાછા આવ્યા બાદ ફરીથી તેઓ માયાવતી–આલમોડા અને પૂર્વ બંગાળ તથા આસામની મુલાકાતે ગયા હતા, જે તેમના જીવનનો છેલ્લો પ્રવાસ હતો. સ્વામીજી બેલુડ મઠમાં પાછા ફર્યા. 'પ્રબુદ્ધ ભારત' માટે નિબંધો લખવાની પ્રવૃત્તિ પણ એમણે કરી. આટલું કાર્ય જાણે પૂરતું ન હોય એમ એમણે એક સુવિખ્યાત વિજ્ઞાન-શાસ્ત્રીની વિનંતીને માન આપીને ઋગ્વેદના નારદીય સૂક્તનું સુંદર ભાષાંતર કરી આપ્યું.

પરંતુ આ બધાં વચ્ચે એમનો વ્યાધિ પણ વધતો જતો હતો. જળોદરની પીડા અને પગે ચડેલા સોજાને કારણે હલનચલન કરવાનું ખૂબ જ મુશ્કેલ બન્યું હતું. તેમના છેલ્લા દિવસોમાં તો તેઓ નિદ્રા પણ લઈ શકતા નહીં; પરંતુ એ હંમેશાં ઈશ્વરાધીન વૃત્તિ દાખવતા અને

આવા ગંભીર વ્યાધિથી ઘેરાઈ ગયેલા હોવા છતાં પણ અંતઃકરણની પ્રસન્નતા જાળવી રાખતા.

એમની મહાસમાધિ પૂર્વેના છેલ્લા ત્રણ માસનું તેમનું બેલુડ મઠ ખાતેનું જીવન શાંતિપૂર્વક ચાલ્યું જતું હતું. પરંતુ ખરેખર તો એ તોફાન પૂર્વેની શાંતિ હતી. જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ સ્વામીજીએ મઠના સંચાલનનું કાર્ય વધુ ને વધુ પ્રમાણમાં બીજા મઠવાસીઓને સોંપવા માંડ્યું. પોતે મઠની પ્રવૃત્તિઓમાં અગ્રેસર બનવાનું ઓછું કરી નાખ્યું. એ કહેતા કે: "હંમેશાં પોતાના શિષ્યોની સાથે રહીને ગુરુ એમના વિકાસને રૂંધી નાખે છે! તેમની તાલીમ પૂરી થાય એટલે એણે ખસી જવું જોઈએ, કારણ કે એની ગેરહાજરી વગર તેઓનો વિકાસ થઈ શકે નહીં!"

સ્વામીજીએ મહાસમાધિ લીધી તેના લગભગ એક અઠવાડિયા પહેલાં એમણે પોતાના એક શિષ્યને બંગાળી પંચાંગ લાવવાનું કહ્યું. પંચાંગ લાવવામાં આવ્યું ત્યારે એમણે શરૂઆતનાં થોડાં પાનાં ઉથલાવ્યાં અને પછી એને એક બાજુએ મૂકી દીધું. અમુક ચોક્કસ દિવસે દેહનાં બંધન તોડી નાખવાનું એમણે નક્કી કરી લીધું હતું; અને એ ચોક્કસ દિવસ તે સને ૧૯૦૨ની ચોથી જુલાઈનો હતો.

એમના દેહવિસર્જનના ત્રણ દિવસ પહેલાં સ્વામી પ્રેમાનંદ સાથે તેઓ મઠની હરિયાળી ભૂમિ ઉપર આમતેમ ટહેલી રહ્યા હતા. એ વખતે ગંગાનદીના કિનારા પાસેની

જગ્યા બતાવીને એમણે ગંભીરતાપૂર્વક કહ્યું: "જ્યારે આ દેહ પડે, ત્યારે એને ત્યાં અગ્નિદાહ આપવાનો છે!" આજે એ જ જગ્યાએ એમનું સ્મૃતિમંદિર ખડું છે.

આ દિવસોમાં સ્વામીજીની મુખમુદ્રા ઉપર ન હતો કોઈ વિષાદ કે ન હતું કોઈ ગાંભીર્ય. એમની હાજરીમાં સૌ કોઈને અલૌકિક વાતાવરણનો અનુભવ થતો. એમાં પણ ચોથી જુલાઈનો એ શુક્રવાર તો ભારે સુખદ દિવસ હતો. સ્વામીજી પણ પ્રસન્ન અને સ્વસ્થ જણાતા હતા. પણ એ જ દિવસ અંતિમ નીવડશે એ તો કોઈ મઠવાસીએ માન્યું જ ન હતું.

સવારે રોજના કરતાં તેઓ વહેલા ઊઠ્યા અને ચા પીને મંદિરમાં ગયા. સવારના આઠથી અગિયાર સુધી એકાંતમાં ધ્યાન ધર્યું. પરંતુ જ્યારે તેઓ ધ્યાનમાંથી બહાર આવ્યા, ત્યારે સર્વોચ્ચ જ્ઞાન અને ભક્તિથી ભરપૂર એક હૃદયસ્પર્શી ભજનનું ગુંજન તેઓ કરી રહ્યા હતા. સંપૂર્ણ અંતર્મુખ થયેલા સ્વામીજી પાસે સ્વામી પ્રેમાનંદ આવતાં તેઓ બોલી ઊઠ્યા: "જો બીજો વિવેકાનંદ હોત તો આ વિવેકાનંદે જે કર્યું છે તેને એ સમજી શક્યો હોત! અને આમ છતાંયે વખત જતાં કેટલા બધા વિવેકાનંદો ઊભા થશે!" બપોરે બ્રહ્મચારીઓના ખંડમાં જઈને સંસ્કૃત વ્યાકરણનો વર્ગ ત્રણ કલાક સુધી ખૂબ જ રમૂજી કહેવતો અને ટુચકાઓ કહીને આનંદભેર ચલાવ્યો. થોડા વખત પછી સ્વામી પ્રેમાનંદને સાથે લઈને સ્વામીજી બેલુડ બજાર સુધી

ફરવા પણ ગયા, અને તે દરમિયાન અનેક વિષયો ઉપર રસભરી ચર્ચા કરી.

જેમ જેમ સાંજ ઢળતી ગઈ, તેમ તેમ તેમનું મન વધુ ને વધુ અન્તર્મુખ થતું જતું હતું. સાંધ્ય આરતીનો ઘંટ વાગ્યો ત્યારે પોતાના ખંડમાં જઈને ગંગાનદી સામે મુખ કરીને ધ્યાનમાં બેઠા. એકાદ કલાક પછી કોઈ બ્રહ્મચારીને બોલાવી પોતાના માથા ઉપર પવન નાખવાનું કહ્યું, અને પોતે પથારીમાં શાંતિપૂર્વક સૂતા. એમની સારવાર કરનારને તો એવો જ ખ્યાલ હતો કે તેઓ ઊંઘમાં કે ધ્યાનમાં છે. એક કલાક પછી, એમના હાથ સહેજ કંપી ઊઠ્યા અને એમણે એક ઊંડો શ્વાસ લીધો, એમની આંખો એમની ભમ્મરના મધ્ય ભાગમાં સ્થિર થઈ ગઈ, એમની મુખમુદ્રા ઉપર કોઈ દિવ્ય ભાવ પથરાઈ રહ્યો અને એમના જીવન ઉપર છેલ્લો પડદો પડ્યો.

આશ્રમના સંન્યાસીઓને આશા હતી કે આ સમાધિમાંથી જાગૃતિ આવે પણ ખરી. રાતે લગભગ સાડાદશ વાગ્યે ડૉક્ટરે સ્વામીજીના દેહને પૂરેપૂરો તપાસ્યો; એમને લાગ્યું કે હજી જીવનનો સંચાર છે, તેથી તેમણે કૃત્રિમ શ્વાસોચ્છ્વાસથી એમને જાગ્રત કરવાનો પ્રયાસ કર્યો. મધ્ય રાત્રિએ ડૉક્ટરે જાહેર કર્યું કે પ્રાણ ચાલ્યો ગયો છે. સવારે સ્વામીજીના દેહ પર થોડાંક વિશેષ ચિહ્નો દેખાયાં. આંખો લાલઘૂમ થઈ હતી. મુખ અને નાકમાંથી પણ થોડું લોહી નીકળ્યું હતું. આથી પુરવાર થાય છે કે જપ અને ધ્યાનને કારણે

દેહ છૂટતી વખતે બ્રહ્મરંધ્ર ભેદાઈ ગયું હશે. શ્રીરામકૃષ્ણે ભાખ્યું હતું તે પ્રમાણે, જ્યારે સ્વામીજીને આ જગતમાં વધુ વખત રહેવાની ઇચ્છા ન રહી ત્યારે એમણે સ્વેચ્છાએ સમાધિ દ્વારા દેહનો ત્યાગ કર્યો. એક સાચા યોગીને શોભે એ રીતે એમણે ૩૯ વર્ષ ૫ માસ અને ૨૪ દિવસનું આયુષ્ય ભોગવીને થાકેલું બાળક જેવી રીતે માતાના ખોળામાં જંપી જાય તેવી રીતે જગદંબાના ખોળામાં ચિરનિદ્રા લીધી.

સ્વામી વિવેકાનંદ ગયા. અનેક યુગો આવશે અને જશે, પરંતુ જ્યારે જ્યારે ભારતને પોતાના ખરા વ્યક્તિત્વનાં દર્શન કરવાં હશે, ત્યારે ત્યારે સ્વામી વિવેકાનંદના ઉપદેશો અને જીવન પ્રત્યે નજર નાખવી જ પડશે.

□